સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

**WEEK 02**

**JANUARY-2024**

**07-01-24 To 13-01-24**

:::::: સંપાદક ::::::
**મૌલિક ગોંધિયા**
















PRAVASI BHARATIYA DIVAS (NRI DAY)



સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**07 JAN-2024**


- 'આદિત્ય L1' L1 પોઈન્ટ પર સફળતાપૂર્વક પહોંચ્યું ........ 02
- Double Decker AC Electric Busનું ગિફ્ટ સિટી-ગાંધીનગરમાં લોન્ચિંગ ........ 08
- મહારાષ્ટ્રમાં પ્રથમ મહિલા DGP ........ 08
- QUESTION ANSWERS ........ 09


**08 JAN-2024**


- દિવસ મહિમા : 08 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ ........ 10
- ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સ્થાપન યાદીઓનું વાર્ષિક આદાનપ્રદાન ........ 10
- કોચી-લક્ષદ્વીપ ટાપુઓ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કનેક્શન પ્રોજેક્ટ ........ 10
- કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર, 2023 ........ 12
- QUESTION ANSWERS ........ 13


**09 JAN-2024**


- દિવસ મહિમા : 09 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ ........ 14
- સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસ કમિટી (SCLSC) ........ 15
- પૃથ્વી વિજ્ઞાન યોજના ........ 15
- QUESTION ANSWERS ........ 18


**10 JAN-2024**


- દિવસ મહિમા : 10 જાન્યુઆરી, વિશ્વ હિન્દી દિવસ ........ 19
- હિટ એન્ડ રનનો નવો કાયદો (Hit and Run New Law) ........ 20
- QUESTION ANSWERS ........ 25


**11 JAN-2024**


- દેશની પ્રથમ હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ 'પ્રસાદમ' ........ 26
- UAV દૃષ્ટિ-10 સ્ટારલાઈનર ........ 26
- 'ઉગ્રામ' એસોલ્ટ રાઈફલ ........ 27
- QUESTION ANSWERS ........ 28


**12 JAN-2024**


- દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન ........ 29
- શ્રીમતી શેખ હસીના વાઝેદ બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા ........ 29
- સ્વચ્છ સર્વેક્ષણ 2023 રેન્કિંગ ........ 30
- QUESTION ANSWERS ........ 35


**13 JAN-2024**


- અટલ સેતુ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુંબઈમાં દેશના સૌથી લાંબા પુલનું ઉદ્‌ઘાટન કર્યું ........ 36
- AKASH - NG મિસાઈલનું સફળ પરીક્ષણ ........ 37
- Henley Passport Index 2024 ........ 39
- QUESTION ANSWERS ........ 40

ONE LINER ........ 41

QUESTION OF THIS WEEK ........ 45


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'આદિત્ય L1' L1 પોઈન્ટ પર સફળતાપૂર્વક પહોંચ્યું



તાજેતરમાં 'ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન' (ISRO)એ ઈતિહાસ રચ્યો છે.

- ISROનું પ્રથમ સૂર્ય મિશન આદિત્ય L1 6 જાન્યુઆરી, 2024ના રોજ L1 પોઈન્ટ પર સફળતાપૂર્વક પહોંચ્યું છે.
- હવે આ આદિત્ય L1 મિશન સૌર વાતાવરણમાં ગતિશીલતા, સૂર્યના પરિમંડળમાં ગરમી, સૂર્યની સપાટી પર સૌર ભૂકંપ, સૂર્યના જ્વાળા સંબંધિત પ્રવૃત્તિઓ અને તેમની લાક્ષણિકતાઓ અને અવકાશમાં હવામાનની સમસ્યાઓ સંબંધિત અભ્યાસ કરશે.

### આદિત્ય L1 ક્યાંથી લોન્ચ થયું હતું

આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતેથી આ મિશન લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશન 2 સપ્ટેમ્બર, 2023ના બપોરે 11 : 50 વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું.

### આદિત્ય L1 કયા રોકેટની મદદથી લોન્ચ થયું હતું ?

- આદિત્ય L1 મિશન PSLV C57 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

### આદિત્ય L-1 શું છે ?

આદિત્ય L1 એ સૂર્ય–પૃથ્વી પ્રણાલીના લેગ્રેન્જિયન/લાગ્રેન્જિયન પોઈન્ટ-L1થી સુર્યનો અભ્યાસ કરવા માટેનું પ્રથમ અવકાશ આધારિત મિશન છે.

- જે પૃથ્વીથી આશરે 1.5 મિલિયન કિલોમીટર દૂર છે.
- આ પ્રોજેક્ટ શરૂઆતમાં 'આદિત્ય - 1' તરીકે પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો જે એક જ પેલોડ વહન કરતો 400 કિગ્રા વર્ગનો ઉપગ્રહ, વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ (VELC) છે.
- જોકે તેનું નામ બદલીને 'આદિત્ય L1 મિશન' રાખવામાં આવ્યું હતું.

## ઉદ્દેશ્ય

આદિત્ય L1 મિશનનો ઉદ્દેશ્ય નીચે મુજબના અભ્યાસ કરવાનું છે :

(a) સૂર્યનો કોરોના,

(b) સૂર્યનો ફોટોસ્ફિયર,

(c) ક્રોમોસ્ફિયર

(d) સૌર ઉત્સર્જન

(e) સૌર પવન અને સૌર જ્વાળાઓ (આ પવનો સૂર્યના પ્લાઝમાના વિસ્તરણને કારણે સર્જાય છે)

(f) કોરોનલ માસ ઈજેક્શન (CMES)

- આદિત્ય - L1 મિશન ઉપર દર્શાવ્યા મુજબનો અભ્યાસ કરશે અને સમગ્ર સૂર્યની છબી બનાવશે.

## આદિત્ય L1 પેલોડ્સ

આદિત્ય L1ના સાધનો <u>સૌર વાતાવરણ</u>, <u>મુખ્યત્વે રંગમંડળ</u> અને <u>કોરોનાનું નિરીક્ષણ કરવા</u> માટે ટ્યૂન કરેલા છે.

- ઈન–સીટુ સાધનો <u>L1 પર</u> સ્થાનિક વાતાવરણનું અવલોકન કરશે.
- ત્યાં <u>સાત પેલોડ્સ ઓન–બોર્ડ</u> છે, જેમાં ચાર સૂર્યના રિમોટ સેન્સિંગ માટે અને ત્રણ ઈન–સીટુ અવલોકન માટે છે.
- ISROના વિવિધ કેન્દ્રોના નજીકના સહયોગથી દેશની વિવિધ પ્રયોગશાળાઓ દ્વારા પેલોડ્સ વિકસાવવામાં આવ્યા છે.
- આદિત્ય L1ના સાત પેલોડ નીચે મુજબ છે :

- **રિમોટ સેન્સિંગ પેલોડ્સ**
  1. વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ (VELC)
  2. સોલાર અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (SUIT)
  3. સોલાર લો એનર્જી L1 એક્સ–રે સ્પેક્ટ્રોમીટર (SOLExs)
  4. હાઈ એનર્જી L1 ઓર્બિટીંગ એક્સ–રે સ્પેક્ટ્રોમીટર (HEL1OS)
- **ઈન–સીટુ પેલોડ્સ**
  5. આદિત્ય સોલાર વિન્ડ પાર્ટિકલ એક્સપેરિમેન્ટ (ASPEX)
  6. પ્લાઝમા એનાઈલેઝર પેકેજ ફોર આદિત્ય (PAPA)
  7. અદ્યતન ટ્રાઈ–એક્સિસ હાઈ રિઝોલ્યુશન ડિજિટલ મેગ્નોમીટર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## VELC પેલોડની વિશેષતાઓ અને મહત્ત્વ

સૂર્યના વિવિધ પાસાઓનો અભ્યાસ કરવા માટે રચાયેલ સાત સાધનોમાં VELC મુખ્ય પેલોડ હશે અને ભારતમાં બાંધવામાં આવેલા સૌથી સચોટ સાધનોમાંનું એક છે.

- તેની કલ્પના અને ડિઝાઈનને <u>સૌર એસ્ટ્રોફિઝિક્સ સંબંધિત રહસ્યોને ઉકેલવામાં</u> મદદ કરવામાં 15 વર્ષ લાગ્યા છે.
- તે કોરોનાના તાપમાન, વેગ અને ઘનતા તેમજ કોરોના હીટિંગ અને સોલાર વિન્ડ પ્રવેગને કારણે થતી પ્રક્રિયાઓનો અભ્યાસ કરવામાં મદદ કરશે.
- તે સ્પેસ વેધર ચાલકોના અભ્યાસ તેમજ કોરોનાના ચુંબકીય ક્ષેત્રના માપન અને કોરોનલ માસ ઈજેક્શનના ઉત્ક્રાંતિ અને ઉત્પત્તિમાં પણ મદદ કરશે.

## L-1 શું છે ?

L1નો અર્થ '<u>લેગ્રેન્જિયન પોઈન્ટ 1</u>' (<u>Lagrangian Point-1</u>) છે, જે પૃથ્વી–સૂર્ય પ્રણાલીની ભ્રમણકક્ષાના પાંચ બિંદુઓમાંથી એક છે.

## Lagrangian Point શું છે ?

<u>Lagrangian Point</u> એ અવકાશમાં ચોક્કસ સ્થાનો છે. જ્યાં પૃથ્વી અને ચંદ્ર અથવા પૃથ્વી અને સૂર્ય જેવા બે મોટા એકમોના ગુરુત્વાકર્ષણ બળ, ઉપગ્રહ જેવા નાના પદાર્થ દ્વારા અનુભવતા કેન્દ્રત્યાગી બળને સંતુલિત કરે છે.

- ત્રિ–પરિમાણીય અવકાશમાં એકબીજાની ફરતે ભ્રમણકક્ષામાં બે મોટા એકમોની આસપાસ L1, L2, L3, L4 અને L5 લેબલવાળા <u>પાંચ Lagrangian</u> બિંદુઓ/પોઈન્ટ છે.
- આ બિંદુઓ પર મૂકવામાં આવેલી કોઈપણ વસ્તુ પૃથ્વી અને સૂર્ય તરફ સમાન રીતે ખેંચાતી અનુભવશે અને પૃથ્વી સાથે સૂર્યની આસપાસ ફરશે.
- L1, L2 અને L3 એ રેખા પર સ્થિત છે જે બે મોટા એકમને જોડે છે અને તે અસ્થિર સંતુલન બિંદુઓ છે, એટલે કે ત્યાં મુંકવામાં આવેલ પદાર્થ સતત પ્રોપલ્શન વિના તે સ્થિતિમાં રહેશે નહીં.
- બીજી બાજુ L4 અને L5 બે મોટા એકમ અને તેમના બેરીસેન્ટર દ્વારા રચાયેલા ટેટ્રાહેડ્રોનના ત્રીજા ખુણા પર સ્થિત છે અને તે સ્થિર સંતુલન બિંદુ S છે, એટલે કે ત્યાં મુકવામાં આવેલ પદાર્થ પ્રોપલ્શન વિના તે સ્થિતિમાં રહેશે નહીં.




## L-1

પ્રથમ લેગ્રેન્જ પોઈન્ટ/બિંદુ પૃથ્વી અને સૂર્યની વચ્ચે સ્થિત છે, જે આ બિંદુએ ઉપગ્રહોને સૂર્યનું સતત દૃશ્ય આપે છે, સૌર હેલિઓસ્ફેરિક ઓબ્ઝર્વેટરી (SOHLO), એક નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સી ઉપગ્રહ કે જેને સૂર્યનું નિરીક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. તે પૃથ્વીથી લગભગ 1.5 મિલિયન કિલોમીટર દૂર પ્રથમ લેગ્રેન્જ બિંદુની ભ્રમણકક્ષા કરે છે.

## L-2

બીજો લેગ્રેન્જ પોઈન્ટ પૃથ્વીથી લગભગ સમાન અંતરે છે, પરંતુ તે પૃથ્વીની પાછળ સ્થિત છે. પૃથ્વી હંમેશા બીજા લેગ્રેન્જ પોઈન્ટ અને સૂર્યની વચ્ચે હોય છે. સૂર્ય અને પૃથ્વી એક જ લાઈનમાં હોવાથી આ સ્થાન પરના ઉપગ્રહોને સૂર્ય અને પૃથ્વીમાંથી ગરમી અને પ્રકાશને રોકવા માટે માત્ર એક હીટ કવચની જરૂર છે. સ્પેસ ટેલિસ્કોપ માટે તે સારું સ્થાન છે.

## L-3

ત્રીજો લેગ્રેન્જ પોઈન્ટ સૂર્યની બીજી બાજુએ પૃથ્વીની સામે છે, જેથી સૂર્ય હંમેશા તેની અને પૃથ્વીની વચ્ચે રહે છે. આ સ્થિતિમાં ઉપગ્રહ પૃથ્વી સાથે કોમ્યુનિકેશન કરી શકશે નહીં.

## L4 અને L5

અત્યંત સ્થિર ચોથા અને પાંચમાં લેગ્રેન્જ બિંદુઓ પૃથ્વીના સૂર્યની આસપાસના ભ્રમણકક્ષાના માર્ગમાં છે, જે પૃથ્વીથી 60 ડિગ્રી આગળ અને પાછળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આદિત્ય L1 મિશનનું મહત્ત્વ

સૂર્ય અને સૌર કોરોનાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રીત કરવાને કારણે ISRO દ્વારા આદિત્ય L1 મિશન ભારત માટે મહત્વપૂર્ણ ધરાવે છે.

- આ મિશનનો ઉદ્દેશ્ય નીચેની બાબતો હાંસલ કરવાનો છે :

**(1) વૈજ્ઞાનિક સમજ :**

મિશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય સૂર્ય, તેના કિરણોત્સર્ગ, ચુંબકીય ક્ષેત્રો અને કણોના પ્રવાહ વિશેની આપણી સમજને વધુ ઊંડી બનાવવાનો છે.

**(2) સ્પેસ વેધર ફોરકાસ્ટિંગ :**

સૂર્યની વર્તણૂકનો અભ્યાસ કરીને, મિશન અવકાશ હવામાનની ઘટનાઓની આગાહી કરવામાં યોગદાન આપી શકે છે. જેમ કે, સૌર જ્વાળાઓ, જે પૃથ્વી પર ઉપગ્રહ સંચાર અને અન્ય તકનીકોને વિક્ષેપિત કરી શકે છે.

**(3) તકનીકી પ્રગતિ :**

સૂર્યનો અભ્યાસ કરવા માટે અવકાશ–આધારિત વેધશાળાનો વિકાસ અવકાશ સંશોધનમાં ભારતની તકનીકી કુશળતા દર્શાવે છે અને વૈશ્વિક અવકાશ સમુદાયમાં તેની પ્રતિષ્ઠામાં વધારો કરે છે.

**(4) આંતરરાષ્ટ્રીય સહયોગ :**

સૌર સંશોધનમાં ભાગ લેવો એ સૂર્ય અને તેની અસરોને સમજવાના આંતરરાષ્ટ્રીય પ્રયત્નો સાથે સંરેખિત કરે છે.

**(5) શિક્ષણ અને પ્રેરણા :**

આ મિશન ભવિષ્યના વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને સંશોધકોને અવકાશ વિજ્ઞાનમાં ભારતની સિદ્ધિઓનું પ્રદર્શન કરીને અને અવકાશ સંબંધિત શોધને પ્રોત્સાહિત કરીને પ્રેરણા આપે છે.

**(6) ઈનોવેશન માટેનો ડેટા :**

એકત્ર કરાયેલ ડેટા ટેક્નોલોજી, સામગ્રી વિજ્ઞાન અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં નવીનતાઓ તરફ દોરી શકે છે જે ભારતના તકનીકી લેન્ડસ્કેપને લાભ આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અન્ય દેશોના સૌર મિશન

| ક્રમ | દેશનું નામ | સૌર મિશન / વિશેષતા |
|---|---|---|
| 1 | અમેરિકા | (1) પાર્કર સોલર પ્રોબ (ઓગસ્ટ 2018) : ડિસેમ્બર 2021માં સૂર્યના ઉપલા વાતાવરણ, નમૂનારૂપ કણો અને ચુંબકીય ક્ષેત્રોને સ્પર્શ કર્યો<br>(2) સોલર ઓર્બિટર (ફેબ્રુઆરી 2020) : સૂર્યના બદલતા અવકાશના વાતાવરણની શોધ |
| 2 | જાપાન | (1) Hinotori (ASTRO-A, 1981) : સૌર જ્વાળાઓનો અભ્યાસ<br>(2) Yohkoh (SOLAR-A, 1991) : સૌર પ્રવૃત્તિઓનો અભ્યાસ<br>(3) Hinode (SOLAR-B, 2006) : પૃથ્વી પર સૂર્યની અસરનો અભ્યાસ |
| 3 | ચીન | Advance Space-based Solar Observatory (ASO-S, October 2022) |

## PSLV



PSLVનું પૂરું નામ Polar Satellite Launch Vehicle છે.

- PSLV એ ભારતનું મીડિયમ લિફ્ટ લોન્ચ વ્હિકલ એટલે કે ઉપગ્રહ લોન્ચ કરવાનું એક પ્રકારનું રોકેટ છે.
- ISRO દ્વારા તેને ડિઝાઈન કરવામાં આવ્યું છે તથા તેનું સંચાલન કરવામાં આવે છે.
- ભારતના રિમોટ સેન્સિંગ ઉપગ્રહોને સૂર્ય સિંક્રોનસ ભ્રમણકક્ષા (Sun-Synchronous Orbits)માં લોન્ચ કરવા માટે PSLVનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- 1993માં PSLVના નિર્માણ સમયે વ્યાવસાયિક રીતે આવી સુવિધા ફક્ત રશિયા પાસે જ હતી.
- PSLV દ્વારા નાના કદના ઉપગ્રહોને ભૂ–સ્થિર કક્ષા (Geostationary Transfer Orbit)માં પણ લોન્ચ કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Double Decker AC Electric Busનું ગિફ્ટ સિટી-ગાંધીનગરમાં લોન્ચિંગ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ–એસ.ટી. દ્વારા રાજ્યમાં સૌપ્રથમવાર સેવામાં મૂકાઈ રહેલી અતિઆધુનિક 'ડબલ ડેકર એસી ઈલેક્ટ્રિક બસ'નું લોન્ચિંગ કર્યુ હતું.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ લોન્ચિંગ ગિફ્ટ સિટી–ગાંધીનગરથી કર્યુ હતું.
- માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આવી પાંચ અતિઆધુનિક ડબલ ડેકર એસી ઈલેક્ટ્રિક બસ ખરીદીનું આયોજન છે.
- તે પૈકીની બે બસોનું લોન્ચિંગ વાયબ્રન્ટ સમિટ 2024ની પ્રી–ઈવેન્ટરૂપે ગાંધીનગરથી કર્યુ હતું.
- આ બસ સેવાઓનું વાયબ્રન્ટ સમિટના ભાગરૂપે ગિફ્ટ સિટીથી મહાત્મા મંદિર સુધી સંચાલન કરવામાં આવશે.
- વાયબ્રન્ટ સમિટ બાદ સરખેજ–ગાંધીનગર–ગિફ્ટ સિટી રૂટ પર તેનું પ્રાથમિક સંચાલન નિગમ દ્વારા કરવામાં આવશે.




## મહારાષ્ટ્રમાં પ્રથમ મહિલા DGP

વરિષ્ઠ IPS અધિકારી સુશ્રી રશ્મિ શુકલાની મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક (DGP) તરીકે નિમણૂક કરવામાં આવી છે.



- આ સાથે તેઓ મહારાષ્ટ્રના પ્રથમ મહિલા DGP બન્યા છે.
- સુશ્રી રશ્મિ શુકલા 1988 બેચના IPS અધિકારી છે.
- નોંધનીય છે કે વર્ષ 2013માં તેમને ઉત્કૃષ્ટ સેવાઓ માટે રાષ્ટ્રપતિ મેડલ મળ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ISROનું સૌપ્રથમ સૌર મિશન 'Lagrangian Point' પર સફળતાપૂર્વક પહોંચ્યું હતું. આ મિશનનું નામ જણાવો.

(A) આદિત્ય L1 (B) ISRO L1 (C) આર્યભટ્ટ L1 (D) વિક્રમ L1 **(A)**

2. 'આદિત્ય L1 મિશન' કયા રોકેટની મદદથી લોન્ચ થયું હતું ?

(A) GSLV-C57 (B) LVM-3 (C) PSLV-C57 (D) LMV-57 **(C)**

3. તાજેતરમાં ISROએ ભારતનું પ્રથમ સૌર મિશન 'આદિત્ય L1' લોન્ચ કર્યું હતું. જેમાં L1 શું છે ?

(A) Lagrangian Point-1 (B) Lunar Point-1
(C) List of Galaxy Filaments-1 (D) Laser Pointer-1 **(A)**

4. 'Lagrangian Point' વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. તે અવકાશમાં ચોક્કસ સ્થાનો છે જ્યાં પૃથ્વી અને ચંદ્ર અથવા પૃથ્વી અને સૂર્ય જેવા બે મોટા એકમોના ગુરુત્વાકર્ષણ બળ, ઉપગ્રહ જેવા નાના પદાર્થ દ્વારા અનુભવતા કેન્દ્રત્યાગી બળને સંતુલિત કરે છે.
2. ત્રિ–પરિમાણિય અવકાશમાં એકબીજાની ફરતે ભ્રમણકક્ષામાં બે મોટા એકમોની આસપાસ L1, L2, L3, L4 અને L5 એમ પાંચ Lagrangian Point છે.
3. આ બિંદુઓ પર મૂકવામાં આવેલી કોઈપણ વસ્તુ પૃથ્વી અને સૂર્ય તરફ સમાન રીતે ખેંચાતી અનુભવશે અને પૃથ્વી સાથે સૂર્યની આસપાસ ફરશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી 'Double Decker AC Electric Bus'નું ઉદ્‌ઘાટન કર્યું હતું ?

(A) ગિફ્ટ સિટી–ગાંધીનગર (B) મોઢેરા–મહેસાણા
(C) સાયન્સ સિટી–અમદાવાદ (D) એકતાનગર–નર્મદા **(A)**

6. તાજેતરમાં મહારાષ્ટ્રમાં પ્રથમ મહિલા પોલીસ મહાનિર્દેશક (DGP) કોણ બન્યું છે ?

(A) સુશ્રી રશ્મિ શુક્લા (B) સુશ્રી સુભાષિની શંકરન
(C) સુશ્રી સંગીતા કાલિયા (D) સુશ્રી અનિતા બોરણકર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 08 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ

## ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સ્થાપન યાદીઓનું વાર્ષિક આદાનપ્રદાન

તાજેતરમાં ભારત અને પાકિસ્તાને નવી દિલ્હી (ભારત) અને ઈસ્લામાબાદ (પાકિસ્તાન)માં રાજકીય પ્રક્રિયાઓ દ્વારા પોતપોતાના પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની યાદીની આપ–લે કરી છે.

- આ વિનિમય પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ પર હુમલા પર પ્રતિબંધ પર બંને દેશો વચ્ચેના કરાર હેઠળ આવે છે.
- 31 ડિસેમ્બર, 1988ના રોજ પાકિસ્તાનના તત્કાલિન વડાપ્રધાન બેનર્જી ભુટો અને ભારતના વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી દ્વારા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓ સામેના હુમલાના પ્રતિબંધ પરના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ સંધિ 27 જાન્યુઆરી, 1991ના રોજ લાગુ કરવામાં આવી હતી.
- તાજેતરનું વિનિમય એ બંને દેશો વચ્ચે સંકળાયેલી યાદીઓનું સતત 33મું વિનિમય છે, જેનું પ્રથમ વિનિમય 1 જાન્યુઆરી, 1992ના રોજ થયું હતું.
- આ કરાર અંતર્ગત બંને દેશોએ કોઈપણ પરમાણું કેન્દ્ર અને સુવિધાઓ વિશે દર વર્ષની 1લી જાન્યુઆરીએ એકબીજાને જાણ કરવી ફરજિયાત છે.
- કરાર મુજબ 'પરમાણુ સ્થાપન અથવા સુવિધા' શબ્દમાં પરમાણુ શક્તિ અને સંશોધન રિએક્ટર, ઈંધણ ઉત્પાદન, યુરેનિયમ સંવર્ધન, આઈસોટોપ વિભાજન અને પુનઃપ્રક્રિયા તેમજ અન્ય સ્થાપનોનો સમાવેશ થાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ કરારની વાટાઘાટો અને હસ્તાક્ષર માટેનો સીધો ટ્રિગર એ ભારતીય સેના દ્વારા 1986-87ની બ્રાસસ્ટેક્સ કવાયત દ્વારા સર્જાયેલ તણાવ હતો.

(2) ઓપરેશન બ્રાસસ્ટેક્સ એ પાકિસ્તાન સરહદની નજીક આવેલા ભારતના રાજસ્થાન રાજ્યમાં હાથ ધરવામાં આવેલી લશ્કરી કવાયત હતી.

## કોચી-લક્ષદ્વીપ ટાપુઓ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કનેક્શન પ્રોજેક્ટ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લક્ષદ્વીપના કવારત્તીમાં ટેક્નોલોજી, ઊર્જા, જળ સંસાધનો, આરોગ્ય સંભાળ અને શિક્ષણ સહિતના અનેક ક્ષેત્રોને આવરી લેતા રૂ.1150 કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટની વચ્ચે 'કોચી–લક્ષદ્વીપ ટાપુઓ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કનેક્શન' (KLI-SOFC)નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

## KLI-SOFC પ્રોજેક્ટ વિશે

કોચી–લક્ષદ્વીપ ટાપુઓ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કનેક્શન (KLI-SOFC) પ્રોજેક્ટ ઈન્ટરનેટની ઝડપ વધારશે તથા નવી શક્યતાઓ અને તકો ખોલશે.




- આ પ્રોજેક્ટ આઝાદી પછી લક્ષદ્વીપમાં પ્રથમ વખત સબમરીન ઓપ્ટિક ફાઈબર કેબલ કનેક્ટિવિટી દાખલ કરવા જઈ રહ્યો છે.
- ફાઈબર ઓપ્ટિક્સ અથવા ઓપ્ટિકલ ફાઈબર, એવી ટેક્નોલોજીનો સંદર્ભ આપે છે જે કાચ અથવા પ્લાસ્ટિક ફાઈબરની સાથે પ્રકાશ સ્પંદનોના માધ્યમથી માહિતી પ્રસારિત કરે છે.
- યુનિવર્સલ સર્વિસીસ ઓબ્લિગેશન ફંડ (USOF) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DOT)એ પ્રોજેક્ટનો અમલ કર્યો હતો.
- ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL) પ્રોજેક્ટની એક્ઝિક્યુટિંગ એજન્સી હતી.
- KLI પ્રોજેક્ટે મુખ્ય ભૂમિ (કોચી)થી અગિયાર લક્ષદ્વીપ ટાપુઓ કાવારત્તી, અગત્તી, અમિની, કદમત્ત, ચેટલેટ, કલ્પેની, મિનિકોય, એન્ડ્રોથ, કિલતાન, બંગારામ અને બિત્રા સુધી સબમરીન કેબલ કનેક્ટિવિટીનો વિસ્તાર કર્યો છે.

## લક્ષદ્વીપ ટાપુઓ

લક્ષદ્વીપ એ 32 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો ભારતનો સૌથી નાનો કેન્દ્રશાસિત પ્રદેશ છે.

- લક્ષદ્વીપમાં કુલ 36 ટાપુઓનો સમાવેશ થાય છે.
- લક્ષદ્વીપની રાજધાની કાવારત્તી છે અને તે મુખ્ય શહેર પણ છે.
- તમામ ટાપુઓ કેરળના કોચી શહેરથી 220 થી 440 કિ.મી. અરબી સમુદ્રમાં સ્થિત છે.
- લક્ષદ્વીપ નામનો અર્થ મલયાલમ અને સંસ્કૃતમાં 'એક લાખ ટાપુઓ' થાય છે.
- લક્ષદ્વીપમાં ઉષ્ણકટિબંધીય આબોહવા છે, જેનું સરેરાશ તાપમાન 27°C - 32°C છે.
- ચોમાસા દરમિયાન આબોહવા સંતુલિત હોવાથી વહાણ આધારિત પ્રવાસન અટકી જાય છે.
- તે એડમિનિસ્ટ્રેટર દ્વારા કેન્દ્રના સીધા નિયંત્રણ હેઠળ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) વર્ષ 2020માં લક્ષદ્વીપ વહીવટી તંત્રએ સમૂદ્રી કાકડી (સમૂદ્રી ખીરે) માટે વિશ્વનું પ્રથમ સંરક્ષણ ક્ષેત્ર ડો. કે.કે. મોહમ્મદ દ્વારા 'સમૂદ્રી કાકડી સંરક્ષણ રિઝર્વ' સ્થાપિત કરવામાં આવ્યો હતો, જે ચેરિયાપાનીની રીફમાં 239 ચોરસ કિ.મી.માં ફેલાયેલો છે.

(2) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેક્નોલોજી (NIOT), ચેન્નાઈએ કાવારત્તી, મિનિકોય અને અગાતીની સ્થાનિક વસતીની જરૂરિયાતોને પહોંચી વળવા લક્ષદ્વીપની રાજધાની કાવારત્તીમાં વિશ્વનો પ્રથમ 'લો ટેમ્પરેચર થર્મલ ડિસેલિનેશન' (LTTD) પ્લાન્ટ વિકસાવ્યો છે. જેનાથી ટાપુ પર સ્વચ્છ પીવાનું પાણી મળી રહેશે.

(3) LTTD એ એવી પ્રક્રિયા છે જેમાં દરિયાના ગરમ પાણીનું નીચા દબાણે બાષ્પીભવન થાય છે. અને વરાળ ઠંડા ઊંડા દરિયાના પાણી સાથે ઘટ્ટ થાય છે.

## કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર, 2023



તાજેતરમાં બંગાળી લેખક શ્રી શીર્ષેંદુ મુક્યોપાધ્યાયને વર્ષ 2023નો કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

- બંગાળી ભાષામાં તેમની કૃતિઓ દ્વારા ભારતીય સાહિત્યમાં તેમના યોગદાન માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- શ્રી શીર્ષેંદુ મુક્યોપાધ્યાયએ પ્રવાસ વર્ણનો અને બાળ સાહિત્ય સહિત 90થી વધુ પુસ્તકો લખ્યા છે.
- કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર એ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સાહિત્ય પુરસ્કાર છે, જેનું નામ સ્વર્ગસ્થ કન્નડ કવિ કુવેમ્પુના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- અને તે ભારતીય ભાષાઓમાં નોંધપાત્ર યોગદાન આપનાર લેખકોને સન્માનિત કરવામાં આવે છે.






# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'વિશ્વ ટાઈપિંગ દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી **(B)**

2. તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સ્થાપન યાદીઓનું વાર્ષિક આદાનપ્રદાન થયું હતું. તાજેતરનું વિનિમય એ બંને દેશો વચ્ચે સંકળાયેલી યાદીઓનું સતત _____ મું વિનિમય છે.

(A) 30મું (B) 31મું (C) 32મું (D) 33મું **(D)**

3. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કોચી–લક્ષદ્વીપ ટાપુઓ સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કનેકશન પ્રોજેક્ટ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ લક્ષદ્વીપ ટાપુ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ભારતનો સૌથી નાનો કેન્દ્રશાસિત પ્રદેશ છે.
2. તેમાં કુલ 36 ટાપુઓનો સમાવેશ થાય છે.
3. તેની રાજધાની કાવારત્તી છે.
4. લક્ષદ્વીપ નામનો અર્થ મલયાલમ અને સંસ્કૃત ભાષામાં 'એક લાખ ટાપુઓ' થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. નીચા તાપમાનના થર્મલ ડિસેલિનેશન સિદ્ધાંતોના આધારે દરરોજ એક લાખ લિટર તાજા પાણીનું ઉત્પાદન કરતો ભારતનો પ્રથમ ડિસેલિનેશન પ્લાન્ટ કયાં સ્થપાયો હતો ?

(A) કાવારત્તી (B) પોર્ટ બ્લેર (C) મેંગ્લોર (D) વલસાડ **(A)**

5. તાજેતરમાં 2023 માટે 'કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર' જીતનાર શ્રી શીર્ષેંદુ મુખોપાધ્યાય કઈ ભાષાના પ્રસિદ્ધ લેખક છે ?

(A) કન્નડ (B) બંગાળી (C) તમિલ (D) હિન્દી **(B)**

## દિવસ મહિમા : 09 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ

9 જાન્યુઆરી, 1915ના રોજ શ્રી મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હતા.




- આથી, તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.
- આ દિવસ દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ સાથે જોડવાનો પ્રયાસ કરે છે.
- શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયોનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

### શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિ

ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

- શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણના આધારે 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપેઈએ 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ આ દિવસ ઉજવાય છે.

નોંધ : (1) ભારતમાં દર બે વર્ષે પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન થાય છે.

(2) જાન્યુઆરી, 2023માં મધ્યપ્રદેશના ઈન્દોરમાં 17માં 'પ્રવાસી ભારતીય સંમેલન'નું આયોજન થયું હતું.

(3) પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ દેશ ભારત સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

(4) આ માટે વર્ષ 2003થી વર્ષ 2015 સુધી દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ સંમેલન'નું આયોજન કરવામાં આવતું હતું. ત્યારબાદ વર્ષ 2015 બાદ આ સંમેલન દર બે વર્ષે યોજાય છે.

(5) પ્રવાસી ભારતીય દિવસને 'બિન–નિવાસી ભારતીય દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(6) પ્રવાસી ભારતીય દિવસ સંમેલન એ વિદેશ મંત્રાલયનો મુખ્ય કાર્યક્રમ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસ કમિટી (SCLSC)

તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ બી.આર.ગવઈને સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસ કમિટી (SCLSC)ના અધ્યક્ષ તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે.

### સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસ કમિટી વિશે




કાનૂની સેવા સમિતિ અથવા લીગલ સર્વિસ કમિટીનો વિચાર સૌપ્રથમ 1950ના દાયકામાં આવ્યો હતો.

- વર્ષ 1980માં સુપ્રીમ કોર્ટના તત્કાલીન ન્યાયાધીશ જસ્ટિસ પી.એન. ભગવતીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય સ્તરે એક સમિતિની રચના કરવામાં આવી હતી.
- કાનૂની સેવા સમિતિનો અમલ કરતી સમિતિએ સમગ્ર ભારતમાં કાનૂની સહાય પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યુ હતું.
- સુપ્રીમ કોર્ટના અધિકારક્ષેત્ર હેઠળ આવતા કેસોમાં 'સમાજના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓ' પ્રદાન કરવા માટે SCLSCની રચના કાનૂની સેવા સત્તાધીકારી અધિનિયમ, 1987ની કલમ 3A હેઠળ કરવામાં આવી હતી.
- આ અધિનિયમની કલમ 3A જણાવે છે કે 'નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી' (NALSA) આ કમિટીની રચના કરશે. તેમાં સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ હોય છે, જે અધ્યક્ષ હોય છે, અને સાથે સાથે કેન્દ્ર દ્વારા નિર્ધારિત અનુભવ અને લાયકાત ધરાવતા અન્ય સભ્યોનો પણ સમાવેશ થાય છે.
- SCLSCમાં અધ્યક્ષ અને મુખ્ય ન્યાયાધીશ દ્વારા નામાંકિત નવ સભ્યોનો સમાવેશ થાય છે.

**નોંધ :** 'નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટી' (NALSA)ની રચના વર્ષ 1995માં લીગલ સર્વિસ ઓથોરિટી એક્ટ, 1987ની સત્તા હેઠળ કરવામાં આવી હતી.

## પૃથ્વી વિજ્ઞાન યોજના

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની વ્યાપક યોજના 'પૃથ્વી વિજ્ઞાન' (PRITHVI)ને મંજૂરી આપી છે.

- આ યોજનામાં હાલમાં ચાલી રહેલી પાંચ પેટા યોજનાનો સમાવેશ થાય છે.

- જેનો ઉદ્દેશ્ય પૃથ્વી પ્રણાલી વિજ્ઞાનને સુધારવા અને સામાજિક, પર્યાવરણીય અને આર્થિક કલ્યાણ માટે આવશ્યક સેવાઓ પ્રદાન કરવાનો છે.
- કેબિનેટે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) અને મોરેશિયસ રિસર્ચ એન્ડ ઈનોવેશન કાઉન્સિલ (MRIC) વચ્ચે 'મિની સેટેલાઈટ' વિકસાવવા માટેના કરારને પણ મંજૂરી આપી હતી.

## પૃથ્વી વિજ્ઞાન (PRITHVI) યોજના

તે 2021 થી 2026ના સમયગાળા દરમિયાન લાગુ કરવામાં આવનાર પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની એક વ્યાપક યોજના છે.

- 2021-26ના સમયગાળા દરમિયાન અમલીકરણ માટે રૂ.4,797 કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- તે હાલમાં નીચે પ્રમાણે ચાલી રહેલ પાંચ પેટા યોજનાનો સમાવેશ કરે છે :

(1) O-SMART : મહાસાગર સેવાઓ, મોડેલિંગ એપ્લિકેશન, સંસાધનો અને ટેક્નોલોજી (Ocean Services, Modelling Application, Resources and Technology - O Smart)

(2) PACER : ધ્રુવીય વિજ્ઞાન તથા ક્રાયોસ્ફીયર અનુસંધાન (Polar Science and Cryosphere Research-PACER)

(3) SAGE : ભૂકંપ વિજ્ઞાન અને ભૂ–વિજ્ઞાન (Seismology and Geosciences)

- યોજનામાં સિસ્મિક મોનિટરિંગ અને માઈક્રોઝોનેશન સહિત છ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.
- SAGEનો હેતુ ધરતીકંપની દેખરેખ અને પૃથ્વીના નક્કર ઘટકો પર સંશોધનને મજબૂત કરવાનો છે.

(4) રીચઆઉટ : સંશોધન, શિક્ષણ, તાલીમ અને આઉટરીચ

(5) ACROSS : વાતાવરણ અને આબોહવા સંશોધન–મોડેલિંગ નિરીક્ષણ સિસ્ટમ અને સેવાઓ.

- પૃથ્વી યોજના ભૂ–વિજ્ઞાનના પાંચ ઘટકો પર વ્યાપકપણે દેખરેખ રાખે છે :

(1) વાતાવરણ, (2) હાઈડ્રોસ્ફિયર, (3) જીયોસ્ફિયર, (4) ક્રાયોસ્ફિયર અને (5) બાયોસ્ફિયર

- આ સર્વગ્રહી અભિગમનો હેતુ દેશને સમજણ વધારવા અને વિશ્વસનીય સેવાઓ પ્રદાન કરવાનો છે.

## ઉદ્દેશ્ય

આ યોજનાના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) પૃથ્વી પ્રણાલી અને પરિવર્તનના મહત્ત્વપૂર્ણ સંકેતોને રેકોર્ડ કરવા માટે વાતાવરણ, મહાસાગરો, ભૂમંડળ, ક્રાયોસ્ફિયર અને પૃથ્વીની નક્કર સપાટીના લાંબાગાળાના અવલોકનો વધારવા અને જાળવવા

(b) હવામાન, મહાસાગર અને આબોહવાની કટોકટીને સમજવા અને આગાહી કરવા અને આબોહવા પરિવર્તનના વિજ્ઞાનને સમજવા માટે મોડેલિંગ સિસ્ટમનો વિકાસ

(c) નવી અસાધારણ ઘટના અને સંસાધનોની શોધ તરફ પૃથ્વીના ધ્રુવીય અને ઉચ્ચ સમુદ્રી પ્રદેશોનું સંશોધન

(d) સામાજિક કાર્યક્રમો માટે દરિયાઈ સંશાધનોના સંશોધન અને ટકાઉ શોષણ માટે ટેક્નોલોજીનો વિકાસ

(e) અર્થ સિસ્ટમ વિજ્ઞાનના જ્ઞાન અને આંતરદષ્ટિને સામાજિક, પર્યાવરણીય અને આર્થિક લાભ માટે સેવાઓમાં રૂપાંતરિત કરવું

## લાભ

PRITHVI ચક્રવાત, પૂર, ગરમીના મોજાં અને ભુકંપ જેવી કુદરતી આફતો માટે અદ્યતન ચેતવણી સેવાઓ પૂરી પાડે છે, જેનાથી ઝડપી અને અસરકારક આપત્તિ વ્યવસ્થાપનની સુવિધા મળે છે.

- વધુમાં, આ યોજના જમીન અને સમુદ્ર બંને માટે હવામાનની સચોટ આગાહીને સુનિશ્ચિત કરે છે, સલામતિમાં વધારો કરે છે અને પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓમાં મિલકતના નુકસાનને ઘટાડે છે.
- PRITHVIએ પૃથ્વીના ત્રણ ધ્રુવો આર્કટિક, એન્ટાર્કટિક અને હિમાલય સુધી તેની પહોંચનો વિસ્તાર કર્યો છે અને આ સ્થળો વિશે મહત્ત્વપૂર્ણ માહિતી પ્રદાન કરી છે.
- આ યોજના પૃથ્વી વિજ્ઞાનમાં આધુનિક પ્રગતિને ધ્યાનમાં રાખીને દરિયાઈ સંસાધનોના સંશોધન અને ટકાઉ શોષણ માટે ટેક્નોલોજીના વિકાસને પ્રોત્સાહિત કરે છે.




## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં કયો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી **(C)**

2. શ્રી મહાત્મા ગાંધીજી આફ્રિકાથી ક્યારે ભારત પરત ફર્યા હતા કે જેની યાદમાં ભારતમાં દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 જાન્યુઆરી, 1914 (B) 9 જાન્યુઆરી, 1915

(C) 9 જાન્યુઆરી, 1917 (D) 9 જાન્યુઆરી, 1918 **(B)**

3. ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કઈ સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે ?

(A) લક્ષ્મીમલ સિંઘવી સમિતિ (B) રાજીવકુમાર સમિતિ

(C) શિવરામન સમિતિ (D) કે. સંથાનમ સમિતિ **(A)**

4. તાજેતરમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ______ ને 'સુપ્રીમ કોર્ટ લીગલ સર્વિસ કમિટી' (SCLSC)ના અધ્યક્ષ તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે.

(A) જસ્ટિસ સંદીપ મહેતા (B) જસ્ટિસ એ. બોપાના

(C) જસ્ટિસ બી.આર.ગવઈ (D) જસ્ટિસ બી.વી.નાગરથ્થા **(C)**

5. 'પૃથ્વી (PRITHVI) વિજ્ઞાન' યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયની એક વ્યાપક યોજના છે.
2. તે 2021 થી 2026ના સમયગાળા દરમિયાન લાગુ કરવામાં આવી છે.
3. આ યોજનામાં 9 પેટા યોજનાનો સમાવેશ થાય છે.
4. તેનો ઉદ્દેશ્ય પૃથ્વી પ્રણાલી વિજ્ઞાનને સુધારવા અને સામાજિક, પર્યાવરણીય અને આર્થિક કલ્યાણ માટે આવશ્યક સેવાઓ પ્રદાન કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 2 અને 3

(C) માત્ર 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 જાન્યુઆરી, વિશ્વ હિન્દી દિવસ

### વિશ્વ હિન્દી દિવસ




10 જાન્યુઆરીના રોજ 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવાનો તથા એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને પ્રસ્તુત કરવાનો છે.

### 10 જાન્યુઆરીના રોજ શા માટે 'વિશ્વ હિન્દી દિવસ' ઉજવાય છે ?

10 જાન્યુઆરી, 1975ના રોજ ભારતમાં નાગપુર ખાતે પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન થયું હતું.

- આથી, આ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 2006 થી 10 જાન્યુઆરીને 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

### 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ' વચ્ચે શું ફરક છે ?

ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જ્યારે 10 જાન્યુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આથી, આ દિવસની યાદમાં 14 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'હિન્દી દિવસ' ઉજવાય છે.
- 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ'માં મુખ્ય તફાવત એ છે કે 'હિન્દી દિવસ'ની ઉજવણી ભારતમાં રાષ્ટ્રીય સ્તરે થાય છે. જ્યારે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવા માટે થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

(2) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(3) ભારતીય બંધારણના ભાગ 17ના અનુચ્છેદ 341(1) અનુસાર સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપી 'દેવનાગરી' હશે.

(4) જોકે ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

## હિટ એન્ડ રનનો નવો કાયદો (Hit and Run New Law)



મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને પંજાબ જેવા રાજ્યોના ટ્રાન્સપોર્ટરો અને કોમર્શિયલ ડ્રાઈવરોએ હિટ એન્ડ રનની ઘટનાઓને લગતા તાજેતરના કાયદા સામે વિરોધ પ્રદર્શન કર્યુ છે.

- આ રાજ્યોમાં ટ્રાન્સપોર્ટરો અને કોમર્શિયલ ડ્રાઈવરો દ્વારા તાજેતરના વિરોધ પ્રદર્શનોએ ભારતીય નાગરિક સંહિતા, 2023 (BNS)ની વિવાદસ્પદ કલમ 106(2)ને પ્રકાશિત કરી હતી.
- હિટ એન્ડ રનના બનાવો માટે આકરી સજાની જોગવાઈ આપતો આ વિભાગ વાહનચાલકોમાં અસંતોષનું કેન્દ્રબિંદુ બની ગયો છે.

### હિટ એન્ડ રન કાયદો શું છે ?

હિટ–એન્ડ–રન જોગવાઈ એ ભારતીય ન્યાય સંહિતા (BNS)નો એક ભાગ છે, જેનો ઉદ્દેશ વસાહતી યુગના ભારતીય દંડ સંહિતા, 1860ને બદલવાનો છે.

- ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 106(2)માં અકસ્માતના સ્થળેથી ભાગી જવા અને પોલીસ અધિકારી અથવા મેજિસ્ટ્રેટને ઘટનાની જાણ કરવામાં નિષ્ફળ જવા માટે 10 વર્ષ સુધીની જેલ અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- જોકે, જો ડ્રાઈવર અકસ્માત પછી તરત જ ઘટનાની જાણ કરે છે, તો તેની સામે કલમ 106(2)ને બદલે કલમ 106(1) હેઠળ સજા કરવામાં આવશે.
- કલમ 106(1) અપરાધપાત્ર હત્યા (બેદરકારીને કારણે થયેલ મૃત્યુ)ના પ્રમાણમાં મૃત્યુ માટે પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરે છે.

### શા માટે આ કાયદાની જરૂરિયાત ઉભી થઈ

આ નવો કાયદો ભારતમાં માર્ગ અકસ્માતો સંબંધિત ચિંતાજનક આંકડાઓની પૃષ્ઠભૂમિમાં રજૂ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં <u>વર્ષ 2022</u>માં <u>1.68 લાખથી</u> વધુ માર્ગ અકસ્માત મૃત્યુ નોંધાયા હતા એટલે કે <u>દરરોજ સરેરાશ 462 મૃત્યુ</u> થયા હતા.
- ભારતમાં માર્ગ અકસ્માતોમાં <u>12%</u> અને મૃત્યુમાં <u>9.4%</u>નો વધારો જોવા મળ્યો છે જ્યારે વૈશ્વિક માર્ગ અકસ્માત મૃત્યુમાં <u>5%નો ઘટાડો</u> થયો છે.
- ભારતમાં માર્ગ અકસ્માતોને કારણે <u>દર કલાકે સરેરાશ 19 મૃત્યુ</u> થાય છે, જે અનુસાર દર <u>સાડા ત્રણ મિનિટે એક મૃત્યુ</u> થાય છે.
- અડધાથી વધુ માર્ગ મૃત્યુ રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર થયા છે, જે કુલ રોડ નેટવર્કના 5% કરતા ઓછા છે.

## પદ્ધતિના મૂળ સિદ્ધાંતો

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોએ <u>વર્ષ 2022માં 47,806 હિટ એન્ડ રન</u>ની ઘટનાઓ નોંધી હતી, જેના પરિણામે <u>50,815 લોકોના મૃત્યુ</u> થયા હતા.

- માર્ગ અકસ્માતની પોલીસ અથવા મેજિસ્ટ્રેટને જાણ કરવી એ અપરાધી કાનૂની ફરજ છે અને આ ફરજમાં ચૂકને ગુનાહિત કરવાની જોગવાઈ છે.
- હિટ–એન્ડ–રન એક્ટની <u>કલમ 106(2)</u>નો સાર એ છે કે ઝડપી અને અવિચારી ડ્રાઈવિંગને અટકાવવું અને જેઓ પીડિતોને જાણ કર્યા વિના અથવા મદદ કર્યા વિના ઘટનાસ્થળેથી ભાગી જાય છે તેમને સજા કરવાનો છે.
- આ કાયદો ગુનેગાર પર પીડિત પ્રત્યે નૈતિક જવાબદારી લાદવાના કાયદાકીય હેતુને પ્રતિબિંબિત કરે છે.
- <u>મોટર વાહન અધિનિયમ, 1988ની કલમ 134</u> જેવા હાલના કાયદા સાથે સમાંતર દોરતા, તે અકસ્માતો પછી ડ્રાઈવરો તરફથી તાત્કાલિક અને જવાબદાર પ્રતિસાદની ખાતરી કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે.
- મોટર વાહન અધિનિયમ, 1988ની કલમ 134 હેઠળ વાહનના ડ્રાઈવરે ઈજાગ્રસ્ત વ્યક્તિને તબીબી સંભાળ સુનિશ્ચિત કરવા માટે તમામ વાજબી પગલા ભરવા જરૂરી છે, સિવાય કે ભીડના ગુસ્સાને કારણે અથવા તેના નિયંત્રણ બહારના અન્ય કોઈ કારણોસર શક્ય ન હોય.

**નોંધ :**
(1) <u>મોટર વ્હીકલ (સુધારા) અધિનિયમ, 2019</u>ની <u>કલમ 161 હેઠળ</u> હિટ એન્ડ રનમાં પીડિતાના મૃત્યુના કિસ્સામાં <u>2,00,000 રૂપિયાના</u> વળતરની જોગવાઈ કરવામાં આવી છે.
(2) મૃત્યુ માટે વળતર <u>2 લાખ રૂપિયા</u> અને ગંભીર ઈજા માટે <u>રૂ.50,000</u> છે.
(3) ભારતીય ન્યાય સંહિતાની કલમ 106(2)ની વિરુદ્ધ, આ કિસ્સામાં વળતર ડ્રાઈવરો પાસેથી વસૂલ કરી શકાતું નથી.

## GI ટેગ

તાજેતરમાં ઓડિશા, અરૂણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને જમ્મુ–કાશ્મીર સહિતના 16થી વધુ ઉત્પાદનોને GI ટેગ આપવામાં આવ્યો છે.

### GI ટેગ મેળવનાર ઉત્પાદનો

| ક્રમ | GI ટેગ પ્રોડક્ટ | સંબંધિત રાજ્ય | સંક્ષિપ્ત સમજૂતી |
|---|---|---|---|
| 1 | કપડાગંડા શાલ | ઓડિશા | – ઓડિશાના રાયગડા અને કાલાહાંડી જિલ્લાના નિયમગિરી પહાડીઓમાં ખાસ કરીને સંવેદનશીલ આદિવાસી જૂથ (PVTG) ડોંગરિયા કોંધ જાતિની મહિલાઓ દ્વારા વણાયેલી અને ભરતકામવાળી શાલ, ડોંગરિયા કોંધના સમૃદ્ધ આદિવાસી વારસાને પ્રતિબિંબિત કરે છે. |
| 2 | લાંજિયા સૌરા પેઈન્ટિંગ | ઓડિશા | – આ કલા લાંજિયા સૌરા સમુદાયની છે, જે મુખ્યત્વે રાયગડા જિલ્લામાં રહે છે. – આ ચિત્રોને ઈકોન્સ અથવા આઈડીટલ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઓડિશાની દિવાલ–ભીંત કલાની અનન્ય શૈલી છે. |
| 3 | કોરાપુટ બ્લેક જીરૂ ચોખા | ઓડિશા | – કાળા રંગની ચોખાની જાત જેને 'ચોખાના રાજકુમાર' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે તેની સુગંધ, સ્વાદ, રચના અને પોષક મૂલ્યો માટે પ્રખ્યાત છે. |
| 4 | સિમિલીપાલ કાઈ ચટણી | ઓડિશા | – લાલ કીડીઓમાંથી બનેલી ચટણી એ ઓડિશાના મયુરભંજ જિલ્લાના આદિવાસીની પરંપરાગત વાનગી છે. આ કીડીઓ મયુરભંજના સિમલીપાલના જંગલો સહિત જંગલોમાં જોવા મળે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 5 | નયાગઢ કાંટેઈમુડી રીંગણ | ઓડિશા | – આ રીંગણ દાંડી અને સમગ્ર છોડ પરના કાંટાદાર કાંટા માટે જાણીતું છે. છોડ મોટા જંતુઓ માટે પ્રતિરોધક છે અને ન્યૂનતમ જંતુનાશકો સાથે ઉગાડી શકાય છે. |
| 6 | ઓડિશા ખજૂર ગોળ | ઓડિશા | – ઓડિશાનો 'ખજૂરી ગોળ' એ ખજૂરના વૃક્ષમાંથી કાઢવામાં આવેલ કુદરતી મીઠાશ છે અને તેનો ઉદ્ભવ ગજપતિ જિલ્લામાં થયો છે. |
| 7 | ઢેંકનલ માજી | ઓડિશા | – તે ભેંસના દૂધના પનીરમાંથી બનેલી મીઠાઈનો એક પ્રકાર છે, જે સ્વાદ અને આકારની દૃષ્ટિએ અનન્ય લાક્ષણિકતાઓ ધરાવે છે. |
| 8 | વાંચો વુડન ક્રાફ્ટ | અરૂણાચલ પ્રદેશ | – વાંચો આદિવાસીઓની અવિભાજ્ય વંશીય લાકડાની હસ્તકલા છે, જેનો ઉપયોગ શણગાર અને ભેટ તરીકે થાય છે, અને તેમના સામુદાયિક જીવનના વિવિધ પાસાઓમાં ઐતિહાસિક રીતે પણ ઉપયોગમાં લેવાય છે. |
| 9 | આદિ કેકીર | અરૂણાચલ પ્રદેશ | – તે અરૂણાચલ પ્રદેશના આદુની વિવિધતા છે. |
| 10 | તંગેલ સાડી | પશ્ચિમ બંગાળ | – બંગાળની સાડી શૈલીમાં વિશિષ્ટ વણાટની પેટર્નનો સમાવેશ થાય છે. |
| 11 | ગારદ સાડી | પશ્ચિમ બંગાળ | – તેની અનન્ય રચના અને પેટર્ન માટે પ્રખ્યાત, આ સાડી બંગાળનું પરંપરાગત વસ્ત્ર છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 12 | કોરિયાલ સાડી | પશ્ચિમ બંગાળ | – બંગાળની સાડીની વિવિધતા તેની વણાટ શૈલી અને પરંપરાગત મહત્ત્વ માટે જાણીતી છે. |
| 13 | કાલો નુનિયા ચોખા | પશ્ચિમ બંગાળ | – તે પશ્ચિમ બંગાળની ચોખાની વિવિધતા છે. |
| 14 | સુંદરવન મધ | પશ્ચિમ બંગાળ | – તે પશ્ચિમ બંગાળના સુંદરવન વિસ્તારમાંથી મેળવેલું મધ છે. |
| 15 | કાચી ખારેક (દેશી ખારેક) | ગુજરાત | – તે કચ્છ પ્રદેશમાં ઉગાડવામાં આવતી વિવિધ પ્રકારની ખજૂરની જાત છે.<br>– તે તેમની કુદરતી મિઠાશ અને સમૃદ્ધ, કોમળ અને તેના સ્વાદ માટે જાણીતી છે.<br>– તે ખલાલ (અંકુર) અવસ્થામાં લણણી કરેલ હોય છે. |
| 16 | જમ્મુ અને કાશ્મીર | રામબન અનારદાના | – રામબન અનાર્દના, સ્થાનિક રીતે દ્રુની તરીકે ઓળખાય છે. જમ્મુ અને કાશ્મીરના પર્વતીય વિસ્તારો અને જંગલોમાં ઉગતું મહત્ત્વનું ફળનું ઝાડ છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS







# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'હિન્દી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 સપ્ટેમ્બર (C) 10 જાન્યુઆરી (D) 14 સપ્ટેમ્બર (D)

2. 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી (C)

3. ભારતમાં પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) નાગપુર (D)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ભારતીય ન્યાય સંહિતા, 2023' (BNS)ની કઈ કલમ 'હિટ એન્ડ રન' સંબંધિત છે ?

(A) કલમ-106(2) (B) કલમ-301(2) (C) કલમ-86(2) (D) કલમ-198(2) (A)

5. તાજેતરમાં કપડાગંડા શાલ, લાંજિયા સૌરા પેઈન્ટિંગ, કોરાપુટ બ્લેક જીરૂ ચોખા, સિમલીપાલ કાઈ ચટણી અને નયાગઢ કાંટેઈમુડી રીંગણને GI ટેગ મળ્યો છે, તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) છત્તીસગઢ (C) ઓડિશા (D) કેરળ (C)

6. તાજેતરમાં 'વાંચો વુડન ક્રાફ્ટ' અને 'આદી કેકીર'ને GI ટેગ મળ્યો છે, તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) પશ્ચિમ બંગાળ (C) મેઘાલય (D) ઝારખંડ (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દેશની પ્રથમ હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ 'પ્રસાદમ'




કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા દ્વારા મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં ભારતની પ્રથમ હાઈજેનિક ફૂડ સ્ટ્રીટ 'પ્રસાદમ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

- આ કાર્યક્રમ નીલકંઠ વન, મહાકાલ લોક ખાતે યોજાયો હતો.
- પ્રસાદમનો ઉદ્દેશ્ય દેશભરના નાગરિકોને શુદ્ધ અને સલામત સ્થાનિક અને પરંપરાગત ખોરાક સાથે જોડવાનો તથા સ્વસ્થ આહારની આદતોને પ્રોત્સાહન આપવાનો છે.
- ફૂડ સ્ટ્રીટમાં બાળકો માટે રમવાનો વિસ્તાર, પીવાનું પાણી, CCTV સર્વેલન્સ, પાર્કિંગ, જાહેર સગવડતા અને બેસવાની જગ્યા જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.
- આ ઈવેન્ટમાં ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા 'ધ ડાર્ટ બુક'નું લોન્ચિંગ દર્શાવવામાં આવ્યું હતું.

## UAV દૃષ્ટિ-10 સ્ટારલાઈનર



અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ દ્વારા વિકસાવવામાં આવેલ દૃષ્ટિ-10 સ્ટારલાઈનરને ભારતીય નેવીને સોંપવામાં આવ્યું હતું.

- સંરક્ષણ ટેક્નોલોજીમાં આત્મનિર્ભરતાના ભારતના પ્રયાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.
- ભારતીય નૌકાદળના પ્રમુખ એડમિરલ આર હરિકુમારે હૈદરાબાદમાં તેનું અનાવરણ કર્યુ હતું.
- તેમણે જણાવ્યું હતું કે હિંદ મહાસાગરથી લઈને અરબ સાગરમાં જહાજો પર સતત વધતા ડ્રોન હુમલાઓના પડકારોનો સામનો કરી તેને પહેલા જ ધ્વસ્ત કરવામાં દૃષ્ટિ 10 મહત્ત્વની ભૂમિકા ભજવશે.

### દૃષ્ટિ-10 સ્ટારલાઈનર વિશે

તે સ્વદેશી રીતે ઉત્પાદિત માનવરહિત એરિયલ વ્હીકલ (UAV) છે.

- તેને અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- દૃષ્ટિ 10 સ્ટારલાઈનર 36 કલાકની પ્રભાવશાળી સહનશક્તિ ધરાવે છે, જે વિસ્તૃત સર્વેલન્સ મિશનને સક્ષમ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેની પાસે નોંધપાત્ર 450 કિગ્રા પેલોડ ક્ષમતા છે, જે બહુમુખી મિશન ક્ષમતાઓને વધારે છે.
- તે એક ઓલ–વેધર લશ્કરી પ્લેટફોર્મ છે, જે અલગ–અલગ અને અવિભાજિત બંને એરસ્પેસમાં ઉડવાની મંજૂરી ધરાવે છે.
- દૃષ્ટિ-10 સ્ટારલાઈનરની વિશિષ્ટ વિશેષતાઓમાંની એક તેની ન્યૂનતમ જાળવણી જરૂરિયાતો છે, જે તેને ખર્ચ અસરકારક અને કાર્યક્ષમ બનાવે છે.
- તે અદ્યતન કોમ્યુનિકેશન સિસ્ટમથી સજ્જ છે, જેમાં સેટેલાઈટ કોમ્યુનિકેશન અને લાઈન–ઓફ–સાઈટ (LOS) ડેટા લિંક્સનો સમાવેશ થાય છે, જે વિશ્વસનીય અને સુરક્ષિત ડેટા ટ્રાન્સમિશનને સુનિશ્ચિત કરે છે.
- તે નાટોના સ્ટેનગ 4671 સાથે પ્રમાણિત છે, જે આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન સુનિશ્ચિત કરે છે.

## 'ઉગ્રામ' એસોલ્ટ રાઈફલ

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO)એ 'ઉગ્રામ' એસોલ્ટ રાઈફલ લોન્ચ કરી છે.

- DRDOએ એક ખાનગી કંપની અને પૂણેમાં DRDO પ્રયોગશાળા આર્મામેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ્સ (ARDE) સાથે મળીને આ રાઈફલ વિકસાવી છે.



- ઉગ્રામ એ 7.62 × 51 મીમી કેલિબરની રાઈફલ છે.
- જેનું વજન 4 કિલોગ્રામથી ઓછું છે અને તેની રેન્જ 500 મીટર છે.
- ઉગ્રામનો અર્થ 'વિકરાળ' થાય છે.
- આ રાઈફલનો હેતુ સૈન્ય, અર્ધલશ્કરી દળો અને પોલીસની જરૂરિયાતો પૂરી કરવાનો છે.
- આ રાઈફલમાં 20 રાઉન્ડ મેગેઝિન ક્ષમતા છે જે મજબૂત અને સંપૂર્ણ ઓટો મોડમાં ફાયર કરે છે.







# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. મનસુખ માંડવિયા દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલ દેશની પ્રથમ હાઈજેનિક ફૂડ સ્ટ્રિટ 'પ્રસાદમ' કયા ભારતીય શહેરમાં સ્થિત છે ?

(A) ઈન્દોર (B) ગ્વાલિયર (C) ઉજ્જૈન (D) વારાણસી **(C)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'દૃષ્ટિ-10 સ્ટારલાઈનર' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સ્વદેશી રીતે ઉત્પાદિત માનવરહિત એરિયલ વ્હીકલ (UAV) છે.
2. તેને અદાણી ડિફેન્સ અને એરોસ્પેસ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
3. તેની પાસે 3000 કિગ્રાની પેલોડ ક્ષમતા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

3. તાજેતરમાં DRDOએ નીચેના પૈકી કઈ એસોલ્ટ રાઈફલ લોન્ચ કરી હતી ?

(A) અગ્નિ (B) નિર્ભય (C) ઉગ્રામ (D) તેજસ **(C)**

4. તાજેતરમાં DRDO દ્વારા લોન્ચ કરવામાં આવેલ 'ઉગ્રામ એસોલ્ટ રાઈફલ'ની રેન્જ કેટલી છે ?

(A) 400 મીટર (B) 500 મીટર (C) 600 મીટર (D) 700 મીટર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન



ભારતમાં શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મ દિન 12 જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં 1984થી તેની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે થયો હતો.
- અને તેમનું નિધન 4 જુલાઈ, 1902ના રોજ પશ્ચિમ બંગાળના બેલુર મઠમાં થયું હતું.
- સ્વામી વિવેકાનંદનું તેજમય જીવન અને શાશ્વત, વાસ્તવિક દર્શન આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ખૂબ જ મોટો સ્ત્રોત છે.

**નોંધ :** (1) વિશ્વના અનેક દેશોમાં અલગ–અલગ દિવસે યુવા દિનની ઉજવણી કરવામાં આવે છે.

(2) આ અંતર્ગત ભારતમાં 12 જાન્યુઆરીના રોજ 'યુવા દિન' અથવા તો 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે.

(3) શ્રી સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત હતું. તેઓ 19મી સદીના પ્રખ્યાત સંત શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EX ®

## શ્રીમતી શેખ હસીના વાઝેદ બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા



તાજેતરમાં બાંગ્લાદેશમાં યોજાયેલી 12મી સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશના મહિલા વડાપ્રધાન શ્રીમતી શેખ હસીના વાઝેદ પ્રચંડ બહુમતીથી ચૂંટાઈ આવ્યા છે.

- બાંગ્લાદેશની સંસદમાં કુલ 350 બેઠકો છે.
- તેમાંથી 50 બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવી છે.
- જ્યારે બાકીની 300 સીટો માટે મતદાન થાય છે.
- તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં શ્રીમતી શેખ હસીનાના પક્ષ બાંગ્લાદેશ આવામી લીગનો 300માંથી લગભગ 223 સીટો પર વિજય થયો છે.

નોંધ : (1) બાંગ્લાદેશની સંસદ 'Jatiya Sangsad' તરીકે ઓળખાય છે.
(2) બાંગ્લાદેશમાં દર પાંચ વર્ષે સંસદીય ચૂંટણી યોજાય છે.

## બાંગ્લાદેશની ચૂંટણીની ભારત પર અસર

બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાનું વલણ ભારત તરફી રહ્યું છે.

- આથી, બાંગ્લાદેશમાં એકવાર ફરીથી ભારત તરફી સરકારની રચના થઈ છે, જે ભારતના હિતમાં છે.
- કારણ કે ચીન ભારતના પાડોશી દેશોને પોતાની તરફેણમાં લેવા માટે સતત પ્રયત્નો કરતું રહ્યું છે.
- આ સંજોગોમાં બાંગ્લાદેશમાં ભારત તરફી સરકારની રચના વ્યૂહાત્મક દષ્ટિએ ભારત માટે ખૂબ જ લાભદાયી છે.

## શ્રીમતી શેખ હસીના વાઝેદ

શ્રીમતી શેખ હસીના બાંગ્લાદેશના વડાપ્રધાન પદે સૌથી લાંબો સમય સેવા આપનાર બાંગ્લાદેશના વડાપ્રધાન છે.

- શ્રીમતી શેખ હસીના બાંગ્લાદેશના 10માં વડાપ્રધાન છે.
- તેઓ તાજેતરમાં પાંચમી વખત બાંગ્લાદેશના વડાપ્રધાન બનશે.
- નોંધનીય છે કે તેઓ વિશ્વના સૌથી લાંબી સેવા આપનાર મહિલા સરકારના વડા છે.
- શ્રીમતી શેખ હસીના 'બાંગ્લાદેશના જનક' તથા બાંગ્લાદેશના પ્રથમ રાષ્ટ્રપતિ શ્રી શેખ મુજીબુર્ર રેહમાનના પુત્રી છે.
- 15 ઓગસ્ટ, 1975ના રોજ બાંગ્લાદેશમાં 'બંગબંધુ' તરીકે પ્રસિદ્ધ શ્રી શેખ મુજીબર્ર રહેમાનની હત્યા થયા બાદ શ્રીમતી શેખ હસીનાએ તેમના પતિ અને બે સંતાનો સાથે ભારતના દિલ્હીમાં જ શરણ લીધું હતું. અને તેઓ 1981 સુધી ભારતમાં રહ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્વચ્છ સર્વેક્ષણ 2023 રેન્કિંગ

તાજેતરમાં સ્વચ્છ સર્વેક્ષણ 2023 રેન્કિંગ બહાર પાડવામાં આવ્યું છે.

- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા આયોજિત ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે 'સ્વચ્છ સર્વેક્ષણ પુરસ્કારો 2023' એનાયત કરવામાં આવ્યા હતા.
- સ્વચ્છ સર્વેક્ષણ એ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ભારતના સૌથી સ્વચ્છ શહેરોની યાદી છે.
- સ્વચ્છતા સર્વેક્ષણ 2023ની થીમ 'Waste to Wealth' હતી.

## સ્વચ્છ સર્વેક્ષણ

તે ભારતના શહેરો અને નગરોમાં સ્વચ્છતા, કચરાના વ્યવસ્થાપન અને એકંદર સ્વચ્છતાનું વાર્ષિક સર્વે કરે છે.




- સ્વચ્છ સર્વેક્ષણ સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ ભારતને સ્વચ્છ અને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવવાનો હતો.
- વર્ષ 2023માં હાથ ધરવામાં આવેલા આઠમાં સ્વચ્છ સર્વેક્ષણમાં 4,477 શહેરોએ ભાગ લીધો હતો.
- તે વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વે છે.
- ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણનો પ્રારંભ વર્ષ 2016થી થયો હતો.
- વર્ષ 2016માં ભારતના 73 શહેરોએ ભાગ લીધો હતો.

### ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાગ લેનાર શહેરોની સંખ્યા

| ક્રમ | વર્ષ | ભાગ લેનાર શહેરોની સંખ્યા |
|---|---|---|
| 1 | 2016 | 73 |
| 2 | 2017 | 434 |
| 3 | 2018 | 4203 |
| 4 | 2019 | 4237 |
| 5 | 2020 | 4242 |
| 6 | 2021 | 4320 |
| 7 | 2022 | 4354 |
| 8 | 2023 | 4477 |

## માપદંડ

શહેરોનું મૂલ્યાંકન 3 માપદંડોને આધારે કરવામાં આવે છે.

- આ ત્રણ માપદંડોને આધારે કુલ 9500 માર્ક્સમાંથી એવોર્ડ એનાયત થયા હતા.
- આ ત્રણ માપદંડોને આધારે અપાયેલું વેઈટેજ આ પ્રમાણે છે :

## સ્વચ્છતા સર્વેક્ષણ માટેના ત્રણ માપદંડ

| ક્રમ | માપદંડ | વેઈટેજ | માર્ક્સ |
|---|---|---|---|
| 1 | સેવા સ્તરમાં થયેલી પ્રગતી (Service Level Progress) | 48% | 4,525 |
| 2 | પ્રમાણપત્ર (Certification) | 26% | 2,500 |
| 3 | નાગરિક અવાજ/નાગરિકોના ફિડબેક (Citizen Voice) | 26% | 2,475 |
| | | કુલ | 9,500 |

## સ્વચ્છ સર્વેક્ષણ 2023 રેન્કિંગ

સ્વચ્છ સર્વેક્ષણ 2023માં સ્વચ્છ શહેરો, સ્વચ્છ કોન્ટેનમેન્ટ, સફાઈમિત્ર સુરક્ષા, ગંગા ટાઉન્સ અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્યની શ્રેણીઓ હેઠળ 13 પુરસ્કારો પ્રાપ્ત કરનારાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

- આ વર્ષે સૌથી સ્વચ્છ શહેરોનો એવોર્ડ સંયુક્ત વિજેતાઓને પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.
- જેમાં ઈન્દોર અને સુરતને સંયુક્ત રીતે ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું હતું.
- એટલે કે આ બંને શહેર પ્રથમ ક્રમાંકે છે.
- નોંધનીય છે કે ઈન્દોર સતત સાતમાં વર્ષે સ્વચ્છ શહેર રહ્યું છે.
- જ્યારે ત્રિજા નંબરે મહારાષ્ટ્રનું નવી મુંબઈ છે.

## 1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | ઈન્દોર–સુરત | ઈન્દોર–મધ્યપ્રદેશ, સુરત–ગુજરાત |
| 2 | – | – |
| 3 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર |
| 4 | GVMC વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ |
| 5 | ભોપાલ | મધ્યપ્રદેશ |
| 6 | વિજયવાડા | આંધ્રપ્રદેશ |

| | | |
|---|---|---|
| 7 | નવી દિલ્હી (NDMC) | નવી દિલ્હી |
| 8 | તિરૂપતિ | આંધ્રપ્રદેશ |
| 9 | હૈદરાબાદ | તેલંગાણા |
| 10 | પૂણે | મહારાષ્ટ્ર |
| 15 | અમદાવાદ | ગુજરાત |
| 19 | ઉજ્જૈન | મધ્યપ્રદેશ |
| 29 | રાજકોટ | ગુજરાત |
| 30 | ગાંધીનગર | ગુજરાત |
| 33 | વડોદરા | ગુજરાત |
| 83 | જામનગર | ગુજરાત |
| 118 | જૂનાગઢ | ગુજરાત |
| 137 | ભાવનગર | ગુજરાત |
| 446 | હાવરા | પશ્ચિમ બંગાળ |

## 1 લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | સાસવડ | મહારાષ્ટ્ર |
| 2 | પાટણ (NP) | છત્તીસગઢ |
| 3 | લોનાવાલા | મહારાષ્ટ્ર |
| 4 | કરાડ | મહારાષ્ટ્ર |

## કોન્ટેનમેન્ટ બોર્ડ રેન્કિંગ

| ક્રમ | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | મહુ કોન્ટનમેન્ટ | મધ્યપ્રદેશ |
| 2 | દેવલાલી કોન્ટનમેન્ટ | મહારાષ્ટ્ર |
| 3 | અમદાવાદ કોન્ટનમેન્ટ | ગુજરાત |

## શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્વચ્છ રાજ્યો

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | મહારાષ્ટ્ર |
| 2 | મધ્યપ્રદેશ |
| 3 | છત્તીસગઢ |

## ગંગા ટાઉન

| ક્રમ | ટાઉન | રાજ્ય |
|---|---|---|
| 1 | વારાણસી (M. Corp) | ઉત્તરપ્રદેશ |
| 2 | પ્રયાગરાજ (M. Corp) | ઉત્તરપ્રદેશ |
| 3 | બિજનોર (NPP) | ઉત્તરપ્રદેશ |

## સફાઈમિત્ર સુરક્ષિત શહેર

ચંદીગઢને શ્રેષ્ઠ સફાઈમિત્ર સુરક્ષિત શહેરનો એવોર્ડ મળ્યો હતો.

**નોંધ :** (1) સમારોહ દરમિયાન કુલ 110 પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

(2) સ્વચ્છતા સર્વેક્ષણ 2024ની થીમ 'Reduce, Reuse and Recycle' છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS






## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર | (B) |
| 2. | ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર | (A) |
| 3. | ભારતીય યુવાનોના પ્રેરણાસ્ત્રોત શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મ ક્યારે થયો હતો ?<br>(A) 12 જાન્યુઆરી, 1863 (B) 12 જાન્યુઆરી, 1869<br>(C) 12 જાન્યુઆરી, 1875 (D) 12 જાન્યુઆરી, 1877 | (A) |
| 4. | તાજેતરમાં બાંગ્લાદેશના વડાપ્રધાન પદે ચૂંટાઈ આવનાર શ્રીમતી શેખ હસીનાના પક્ષનું નામ શું છે ?<br>(A) બાંગ્લાદેશ આવામી લીગ (B) નેશનલ ફ્રન્ટ<br>(C) બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (D) જાતીયા પાર્ટી | (A) |
| 5. | ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ' અથવા તો 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન કરવામાં આવે છે ?<br>(A) નીતિ આયોગ (B) પર્યાવરણ અને પૃથ્વી વિજ્ઞાન<br>(C) ગ્રામીણ વિકાસ (D) આવાસ અને શહેરી બાબતો | (D) |
| 6. | વર્ષ 2023માં ભારતમાં કેટલામાં 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન થયું હતું ?<br>(A) ચોથા (B) પાંચમાં (C) છટ્ઠા (D) આઠમાં | (D) |
| 7. | સ્વચ્છ સર્વેક્ષણ 2023માં ભારતના શહેરો અથવા તો ભારતના 1 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?<br>(A) સુરત–ઈન્દોર (B) ઈન્દોર–ભોપાલ<br>(C) ઈન્દોર–વિજયવાડા (D) ઈન્દોર–દિલ્હી | (A) |
| 8. | સ્વચ્છ સર્વેક્ષણમાં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત કેટલા વર્ષથી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?<br>(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત | (D) |
| 9. | સ્વચ્છ સર્વેક્ષણ 2023માં કયું રાજ્ય શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્વચ્છ રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે ?<br>(A) છત્તીસગઢ (B) મહારાષ્ટ્ર (C) હરિયાણા (D) મધ્યપ્રદેશ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અટલ સેતુ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુંબઈમાં દેશના સૌથી લાંબા પુલનું ઉદ્‌ઘાટન કર્યું



12 જાન્યુઆરી, 2024ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક' (MTHL)નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- જે સત્તાવાર રીતે 'અટલ સેતુ ન્હાવા શેવા સી લિંક' (Atal Setu Nhava Sheva Sea Link) તરીકે ઓળખાય છે.
- આ પુલ મુંબઈ અને નવી મુંબઈને સાંકળે છે.
- આ મેગા–ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટનો હેતુ સીવરી અને ચિર્લી વચ્ચેની મુસાફરીમાં ક્રાંતિ લાવવાનો છે, જે મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો તરફ દોરી જાય છે.
- MTHL અટલ સેતુનું નિર્માણ રૂ.17,840 કરોડથી વધુના ખર્ચે કરવામાં આવ્યું છે.

### અટલ સેતુ વિશે

મુંબઈ ટ્રાન્સ હાર્બર લિન્ક (MTHL) અથવા અટલ સેતુ ભારતનો સૌથી લાંબો દરિયાઈ પુલ છે.

- આ પુલનું નામ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયજીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ પુલ લગભગ 21.8 કિ.મી.ની લંબાઈ ધરાવે છે, તથા આ પુલ છ લેનનો છે.
- તેની લંબાઈ સમુદ્ર પર લગભગ 16.5 કિ.મી. અને જમીન પર લગભગ 5.5 કિ.મી. છે.
- આ પુલ મુંબઈમાં સેવરીથી શરૂ થાય છે અને રાયગઢ જિલ્લાના ઉરણ તાલુકાના ન્હાવા શેવા પર સમાપ્ત થાય છે.
- આ પ્રોજેક્ટને જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી (JICA) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું, જે કુલ પ્રોજેક્ટ ખર્ચના 80%ને આવરી લે છે, જ્યારે બાકીની રકમ રાજ્ય અને કેન્દ્ર સરકારો વચ્ચે વહેંચવામાં આવી છે.
- આ બ્રિજ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- તથા મુંબઈથી પૂણે, ગોવા અને દક્ષિણ ભારતની મુસાફરીનો સમય પણ ઘટાડશે. તે મુંબઈ પોર્ટ અને જવાહરલાલ નહેરૂ પોર્ટ વચ્ચેની કનેક્ટિવિટી પણ સુધારશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** અગાઉ આસામમાં બ્રહ્માપુત્રા નદી પરનો ડો. ભૂપેન હજારિકા બ્રિજ ભારતનો સૌથી લાંબો પુલ હતો, તે 9.15 કિ.મી. નદીનો લાંબો પુલ છે.

## AKASH - NG મિસાઈલનું સફળ પરીક્ષણ



ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ 12 જાન્યુઆરી, 2024ના રોજ ઓડિશાના દરિયાકાંઠે ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR), ચાંદીપુરથી ન્યૂ જનરેશન આકાશ (AKASH-NG) મિસાઈલનું સફળ ઉડાન–પરીક્ષણ કર્યુ હતું.

- ફલાઈટ ટેસ્ટ ખૂબ જ ઓછી ઊંચાઈ પર હાઈ–સ્પીડ માનવરહિત હવાઈ લક્ષ્ય સામે હાથ ધરવામાં આવ્યું હતું.
- ફલાઈટ–ટેસ્ટ ખૂબ જ ઓછી ઊંચાઈ પર હાઈ–સ્પીડ માનવરહિત હવાઈ લક્ષ્ય સામે હાથ ધરવામાં આવ્યું હતું, ફલાઈટ–ટેસ્ટ દરમિયાન લક્ષ્યને શસ્ત્ર પ્રણાલી દ્વારા સફળતાપૂર્વક અટકાવવામાં આવ્યું હતું અને તેનો નાશ કરવામાં આવ્યો હતો.

### આકાશ-NG મિસાઈલ વિશે

તે સપાટીથી હવામાં પ્રહાર કરતી નવી પેઢીની મિસાઈલ છે.

- તે આકાશ મિસાઈલનું એક નવું સ્વરૂપ છે.
- તે લગભગ 60 થી 70 કિ.મી.ના અંતરે લક્ષ્યાંક પર પ્રહાર કરી શકે છે અને મેક 2.5 સુધીની ઝડપે ઉડી શકે છે.
- આ મિસાઈલ DRDO દ્વારા વિકસાવવામાં આવી છે તથા તેનું નિર્માણ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL) દ્વારા કરવામાં આવ્યું છે.

### આકાશ મિસાઈલ

આકાશ મિસાઈલ ભારતની પ્રથમ સ્વદેશી ઉત્પાદિત મધ્યમ રેન્જની સપાટીથી હવામાં (SAM) પ્રહાર કરતી મિસાઈલ છે. જે અનેક દિશાઓ, અનેક લક્ષ્યો પર પ્રહાર કરી શકે છે.

- આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રકથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ લગભગ 90% સુધી લક્ષ્યને ટાર્ગેટ અથવા નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.
- આકાશ મિસાઈલ 25 કિ.મી. સુધીની રેન્જ ધરાવે છે.
- ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ માર્ગદર્શિત મિસાઈલ વિકાસ કાર્યક્રમ (IGMDP)ના ભાગરૂપે 1980ના અંતમાં DRDO દ્વારા આકાશ SAM (Surface-to-Air Missile)નો વિકાસ શરૂ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મિસાઈલ રડાર સિસ્ટમ સમૂહ અથવા સવાયત્ત મોડમાં બહુવિધ દિશાઓથી લક્ષ્યોની વિશાળ શ્રેણીને હિટ કરવા સક્ષમ છે.
- તેમાં ઈલેક્ટ્રોનિક કાઉન્ટર–કાઉન્ટર મેઝર્સ (ECCM) જેવી સુવિધાઓ છે જેનો અર્થ એ છે કે તેમાં ઓન–બોર્ડ મિકેનિઝમ છે જે ડિટેકશન સિસ્ટમની અસર ઘટાડતી ઈલેક્ટ્રોનિક સિસ્ટમનો સામનો કરી શકે છે.
- આ મિસાઈલ સ્વદેશી રીતે વિકસિત 'રાજેન્દ્ર રડાર' દ્વારા સંચાલિત છે.
- આ મિસાઈલ અવાજની ઝડપ કરતા 2.5 ગણી ઝડપથી લક્ષ્યોને હિટ કરી શકે છે અને ઓછી, મધ્યમ અને ઊંચાઈએ લક્ષ્યોને શોધી નાશ કરી શકે છે.
- આ મિસાઈલ ફાઈટર જેટ, ક્રૂઝ મિસાઈલ્સ, એર–ટુ–સરફેસ મિસાઈલ તેમજ બેલેસ્ટિક મિસાઈલ જેવા હવાના લક્ષ્યોને તટસ્થ કરી શકે છે.

## ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ની સ્થાપનાનો વિચાર પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. એ. પી. જે. અબ્દુલ કલામે આપ્યો હતો.

- તેનો ઉદ્દેશ મિસાઈલ ટેકનોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો હતો.
- તેને વર્ષ 1983માં ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું અને માર્ચ 2012માં પૂર્ણ થયું હતું.
- આ પ્રોગ્રામ હેઠળ વિકસિત 5 મિસાઈલો છે. જે નીચે કોષ્ટકમાં આપવામાં આવી છે :

| ક્રમ | મિસાઈલ | વિશેષતા |
|---|---|---|
| 1 | પૃથ્વી | સપાટીથી સપાટી પર પ્રહાર કરનાર ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે. |
| 2 | અગ્નિ | તે સપાટીથી સપાટી પર પ્રહાર કરવા સક્ષમ મધ્યમ રેન્જની બેલિસ્ટિક મિસાઈલ છે. (એટલે કે અગ્નિ 1, 2, 3, 4, 5) |
| 3 | ત્રિશુલ | સપાટીથી હવામાં પ્રહાર કરતી ટૂંકા અંતરની મિસાઈલ છે. |
| 4 | નાગ | તે ત્રીજી પેઢીની એન્ટિ ટેન્ક મિસાઈલ છે. |
| 5 | આકાશ | તે સપાટીથી આકાશમાં પ્રહાર કરનાર મધ્યમ રેન્જવાળી મિસાઈલ છે. |

- IGMDP પ્રોગ્રામ હેઠળની મિસાઈલ એટલે કે ઉપરોક્ત કોષ્ટકમાં આપેલ મિસાઈલને યાદ રાખવાનું સુત્ર : P-A-T-N-A

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Henley Passport Index 2024

Henley & Partners દ્વારા જાન્યુઆરી, 2024 દરમિયાન પ્રસિદ્ધ થયેલા વર્ષ 2024ના Passport Indexમાં વિવિધ દેશોમાં ભારત 80માં ક્રમે છે.




- આ ઈન્ડેક્સ અનુસાર ભારતીય પાસપોર્ટ ધરાવનારાઓને 62 સ્થળોએ વિઝા–મુક્ત પ્રવેશ મળે છે.
- આ ઈન્ડેક્સમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, સિંગાપોર અને સ્પેન પ્રથમ ક્રમે છે.
- તે વિશ્વના સૌથી શક્તિશાળી પાસપોર્ટ તરીકે ટોચનું સ્થાન ધરાવે છે, જે 194 વૈશ્વિક સ્થળોએ વિઝા–મુક્ત એક્સેસ ધરાવે છે.
- ત્યારબાદ બીજા ક્રમે ફિનલેન્ડ, દક્ષિણ કોરિયા અને સ્વીડન છે.
- જ્યારે આ ઈન્ડેક્સમાં અંતિમ ક્રમે આફઘાનિસ્તાન છે.

### Henley Passport Index 2024 Rank

| Rank | Passport\Country | Access |
|---|---|---|
| 1 | ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, સિંગાપોર, સ્પેન | 194 |
| 2 | ફિનલેન્ડ, દક્ષિણ કોરિયા, સ્વીડન | 193 |
| 3 | ઓસ્ટ્રિયા, ડેનમાર્ક, આયર્લેન્ડ, નેધરલેન્ડ | 192 |
| 4 | બેલ્જિયમ, લક્ઝમબર્ગ, નોર્વે, પોર્ટુગલ, યુનાઈટેડ કિંગ્ડમ | 191 |
| 80 | ભારત, ઉઝબેકિસ્તાન | 62 |
| 104 | અફઘાનિસ્તાન | 28 |

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) 'હેનલે પાસપોર્ટ ઈન્ડેક્સ' એ વિશ્વના તમામ પાસપોર્ટની મૂળભૂત રેન્કિંગ છે, જે દર્શાવે છે કે કોઈ ચોક્કસ દેશમાંથી પાસપોર્ટ ધારક અગાઉના વિઝા વિના કેટલા દેશોમાં મુસાફરી કરી શકે છે.

(2) આ ઈન્ડેક્સની સ્થાપના મૂળરૂપે ડો. ક્રિશ્ચિયન એચ કેલિન દ્વારા કરવામાં આવી હતી.

(3) વર્ષ 2006માં તેને લોન્ચ કરવામાં આવ્યો હતો. આ ઈન્ડેક્સ 199 પાસપોર્ટની રેન્કિંગ પ્રદાન કરે છે. આ ઉપરાંત 227 પ્રવાસ સ્થળોને આવરી લે છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુંબઈમાં 'મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક' (MTHL)નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. તેને 'અટલ સેતુ ન્હાવા સી લિંક' તરીકે પણ ઓળખવામાં આવે છે.
   2. આ પુલ અથવા સેતુ ભારતનો સૌથી લાંબો દરિયાઈ પુલ છે.
   3. આ પુલ લગભગ 21.8 કિ.મી.ની લંબાઈ ધરાવે છે.
   4. આ પુલ 8 લેન ધરાવે છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

2. તાજેતરમાં DRDO દ્વારા AKASH-NG મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. તે સપાટીથી હવામાં પ્રહાર કરતી નવી પેઢીની મિસાઈલ છે. જે આકાશ મિસાઈલનું નવું સ્વરૂપ છે.
   2. તે લગભગ 60 થી 70 કિ.મી.ના અંતરે લક્ષ્યાંક પર પ્રહાર કરી શકે છે અને મેક 2.5 સુધીની ઝડપે ઉડી શકે છે.
   3. તેનું નિર્માણ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL) અને ભારત ડાયનેમિક્સ લિમિટેડ (BDL) દ્વારા કરવામાં આવ્યું છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો

   (A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જાન્યુઆરી, 2024માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2024'માં ભારત કયા ક્રમે છે ?

   (A) 80 (B) 83 (C) 87 (D) 90 **(A)**

4. હેન્લે એન્ડ પાર્ટનર્સ દ્વારા જાન્યુઆરી 2024માં પ્રસિદ્ધ થયેલા 'Henley Passport Index 2024'માં પ્રથમ ક્રમે કયો/કયા દેશ છે ?

   (A) ફિનલેન્ડ, દક્ષિણ કોરિયા, સ્વીડન
   (B) ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન, સિંગાપોર, સ્પેન
   (C) ફ્રાન્સ, જાપાન, ડેનમાર્ક, આયર્લેન્ડ
   (D) જાપાન, સિંગાપોર, નોર્વે, પોર્ટુગલ **(B)**

# NEWS IN SHORTS

## ગુજરાત

### ➤ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 2024



તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 2024'નું આકાશમાં ત્રિરંગા બલૂન છોડાવીને ઉદ્‌ઘાટન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટેલેન્ટ, ટ્રેડિશન, ટ્રેડ અને ટેક્નોલોજી નામના 5Tના ઉપયોગ પર ભાર મૂકતા ગુજરાતની વ્યાપક પ્રગતિ માટે એક વિશિષ્ટ વિઝનની રૂપરેખા આપી હતી. 55 દેશોમાંથી 153 આંતરરાષ્ટ્રીય પતંગબાજો, 12 રાજ્યોમાંથી 68 રાષ્ટ્રીય પતંગબાજો અને 865 પતંગબાજો 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'માં ગુજરાતના 23 શહેરો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતમાં પતંગ ઉદ્યોગને સંબંધોતા મુખ્યમંત્રી શ્રીએ રાજ્યમાં પતંગના વ્યવસાયની સંચિત વૃદ્ધિનો ઉલ્લેખ કર્યો હતો. ગુજરાત દેશના સૌથી મોટા પતંગ ઉત્પાદક બજાર તરીકે ઉભરી આવ્યું છે. પતંગનો વ્યવસાય હવે ઘણા કામ કરતા વ્યક્તિઓ માટે આજીવિકા તરીકે કામ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ફ્લાવર શોના 221 મીટર લંબાઈના સ્ટ્રક્ચરને ગિનિસ બૂકમાં સ્થાન



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈતિહાસમાં સૌપ્રથમ વખત 11માં ફ્લાવર શોમાં વિશ્વમાં સૌથી વધુ 221 મીટર લંબાઈનું ફ્લાવર સ્ટ્રક્ચર બનાવીને નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવતા મ્યુનિસિપલના આ ફ્લાવર સ્ટ્રક્ચરને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ અગાઉ વર્ષ 2014ના વર્ષમાં ચીને 166.15 મીટર લંબાઈનું ફ્લાવર સ્ટ્રક્ચર બનાવીને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું હતું.

## ભારત

### ➤ હિમ ચિત્તા માટે સંરક્ષણ સંવર્ધન કાર્યક્રમ



પદ્મજા નાયડુ ઝૂઓલોજીકલ પાર્ક (PNHZP), પશ્ચિમ બંગાળ, જે સામાન્ય રીતે દાર્જિલિંગ ઝૂ તરીકે ઓળખાય છે, તેમણે હિમ ચિત્તા માટેના સફળ સંરક્ષણ સંવર્ધન કાર્યક્રમ (CBC) માટે વર્લ્ડ એસોસિએશન ફોર ઝૂસ એન્ડ એક્વેરિયમ્સ (WAZA) એવોર્ડ આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરી છે. આ માન્યતા એ પ્રાણી સંગ્રાહાલયના વન્યજીવ સંરક્ષણ અને લુપ્તપ્રાય પ્રજાતિઓના સંરક્ષણ માટેના સમર્પણનો પુરાવો છે. દાર્જિલિંઝ ઝૂ ભારતમાં એકમાત્ર એવું છે જ્યાં સંરક્ષણ સંવર્ધન કાર્યક્રમ છે. WAZA એ પ્રાદેશિક સંગઠનો, રાષ્ટ્રીય સંગઠનો, પ્રાણી સંગ્રાહાલયો અને માછલીઓનું વૈશ્વિક જોડાણ છે, જે સમગ્ર વિશ્વમાં પ્રાણીઓ અને તેમના રહેઠાણોની સંભાળ અને સંરક્ષણ માટે સમર્પિત છે.

### ➤ યક્ષગાન મેળો



ધ્વની પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, 2000ના પાલનને આધીન કર્ણાટક હાઈકોર્ટ દ્વારા પરવાનગી આપવામાં આવ્યા પછી, એક સદી કરતા વધુ જૂના યક્ષગાન મેળો, દક્ષિણ કન્નડમાં કાતિલ દુર્ગાપરમેશ્વરી પ્રસાદિતા યક્ષગણ મંડળ 14 જાન્યુઆરી, 2024થી સંપૂર્ણ રાત્રી શો ફરી શરૂ કરશે. યક્ષગાન કર્ણાટકનું અનોખું નૃત્ય–નાટક પ્રદર્શન છે. તે પરંપરાગત રીતે પુરુષોને તમામ ભૂમિકાઓ ભજવતા બતાવે છે. પરંતુ મહિલાઓ હવે આ વર્તુળોનો એક ભાગ છે. મુખ્ય ઘટકોમાં રામાયણ અથવા મહાભારત જેવા હિંદુ મહાકાવ્યોની સંબંધિત વાર્તાઓના સમાવેશ થાય છે.

### ➤ તેલંગાણામાં પૂરમાં પેલિઓલિથિક સાધનો મળી આવ્યા

તેલંગાણાના મુલુગુ જિલ્લામાં તાજેતરના પૂરને કારણે પેલેઓલેથિક ક્વાર્ટઝાઈટ સાધનોની નવી શોધ થઈ છે. પૂર પછી સુકાઈ ગયેલા પ્રવાહના રેતાળ તળિયે સાધનો અને કુહાડીઓ મળી આવી હતી. આ કુહાડીઓ મુલુગુ જિલ્લાના ગુરેવુલા અને ભૂપતિપુરમ ગામો વચ્ચેના પ્રવાહમાં મળી આવી હતી. પથ્થરની કુહાડી પ્રારંભિક અથવા નીચલા પેલેઓથિક સમયગાળાની છે. અને તે લગભગ 3 મિલિયન વર્ષ જૂની છે. પેલિઓલિથિક યુગ 10,000 વર્ષનો સમયગાળા સાથે આશરે 3.3 મિલિયન વર્ષ પૂર્વેનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **પેરેગ્રીન મિશન-1 યુનાઈટેડ સ્ટેટ્સ**

યુનાઈટેડ સ્ટેટ્સે પેરેગ્રીન મિશન-1 લોન્ચ કર્યુ છે, જે 50 કરતા વધુ વર્ષોમાં ચંદ્ર પર ઉતારવાનો પ્રથમ પ્રયાસ છે. જોકે, અવકાશયાન 'તકનીકી રીતે' લોન્ચ થયાના થોડા કલાકો બાદ જ ઈંધણ લીક થવાથી ઉતરાણનો પ્રયાસ નિષ્ફળ ગયો છે. મિશનનું નેતૃત્વ ખાનગી અવકાશ કંપનીઓ એસ્ટ્રોબોટિક ટેક્નોલોજી અને યુનાઈટેડ લોન્ચ એલાયન્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. પેરેગ્રીન લેન્ડર એપેલો પ્રોગ્રામ પછી ચંદ્ર પર ઉતરનાર પ્રથમ અવકાશયાનમાંનું એક હશે. પેરેગ્રીન લુનર લેન્ડર, જેને પેરેગ્રીન મિશન-1 તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એસ્ટ્રોબોટિક ટેક્નોલોજી દ્વારા બનાવવામાં આવેલ ચંદ્ર લેન્ડર છે. તે NASAના કોમર્શિયલ લુનર પેલોડ સર્વિસીસ (CLPS) પ્રોગ્રામનો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય એક વ્યાપક લૂનર ઈકોનોમીને ઉત્તેજીત કરવાનો છે. NASA ચંદ્રની સપાટી પર વિજ્ઞાન અને ટેક્નોલોજી પેલોડ પહોંચાડવા માટે CLPS પહેલ હેઠળ વિવિધ યુએસ કંપનીઓ સાથે ભાગીદારી કરી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ફાલ્કન 9 GSAT 20 લોન્ચ કરશે**

ISROની વ્યાપારી શાખા ન્યુસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL), 2024માં સ્પેસએક્સના ફાલ્કન-9 પર GSAT-20 (GSAT-N2) લોન્ચ કરવા માટે તૈયાર છે. ફાલ્કન–9 એ વિશ્વનું પ્રથમ ઓર્બિટલ–ક્લાસ પુનઃ ઉપયોગ કરી શકાય તેવું, બે તબક્કાનું રોકેટ છે જે સ્પેસએક્સ દ્વારા મનુષ્યો અને પેલોડને પૃથ્વીની ભ્રમણકક્ષામાં અથવા તેનાથી આગળના સુરક્ષિત પરિવહન માટે વિકસાવવામાં આવ્યું છે. GSAT-20 એ હાઈ થ્રુપુટ Ka-બેન્ડ સેટેલાઈટ છે. જે હાઈસ્પીડ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી, ડિજિટલ વિડિયો ટ્રાન્સમિશન અને ઓડિયો ટ્રાન્સમિશન પ્રદાન કરે છે. તે ભારતની વધતી જતી બ્રોડબેન્ડ કોમ્યુનિકેશન જરૂરિયાતોને પહોંચી વળવા માટે લોન્ચ કરવામાં આવી રહી છે. તે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપ ટાપુઓ જેવા દૂરના વિસ્તારો સહિત સમગ્ર ભારતમાં વ્યાપક કવરેજ પ્રદાન કરવા માટે રચાયેલ છે. આ સેટેલાઈટ લગભગ 48 Gbpsની પ્રભાવશાળી હાઈ થ્રુપુટ સેટેલાઈટ ક્ષમતા પ્રદાન કરે છે. નોંધનીય રીતે, તેમાં 32 બીમનો સમાવેશ થાય છે જે ખાસ કરીને વંચિત વિસ્તારોની માગણી સેવા જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ છે.

- **ડેનમાર્કે ભારત સાથે ગ્રીન ફ્યુઅલ એલાયન્સ શરૂ કરવાની જાહેરાત કરી**

ડેનિશ સરકારે ગ્રીન ફ્યુઅલ એલાયન્સ ઈન્ડિયા (GFAI)ની શરૂઆત કરવાની જાહેરાત કરી છે, જે એક વ્યૂહાત્મક પહેલ છે. જેનો ઉદ્દેશ ડેનમાર્ક અને ભારત વચ્ચે ટકાઉ ઊર્જા ઉકેલોના ક્ષેત્રમાં સહકારને આગળ વધારવાનો છે. આ નવી ભાગીદારી સ્વચ્છ હાઈડ્રોજન જેવા ગ્રીન ઈંધણના વિકાસને પ્રોત્સાહન આપવા માંગે છે, જ્યારે બંને દેશોને કાર્બન તટસ્થતા સુધી પહોંચવાના તેમના સહિયારા લક્ષ્યને આગળ વધારવામાં પણ મદદ કરે છે. GFAIનું નેતૃત્વ ભારતમાં ડેનિશ એમ્બેસી અને કોન્સ્યુલેટ જનરલ કરે છે. આ બંને દેશો વચ્ચે હસ્તાક્ષર કરાયેલ 2020 ગ્રીન સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ હેઠળ ટકાઉપણુ ઉદ્દેશ્યને અનુરૂપ છે.

- **2023 રેકોર્ડ પર સૌથી ગરમ વર્ષ**

2023 એ રેકોર્ડ પરનું સૌથી ગરમ વર્ષ હોવાનો અંદાજ છે, જે 2016ના રેકોર્ડને વટાવીને વૈશ્વિક આબોહવાની પેટર્ન અને આત્યાંતિક હવામાન ઘટનાઓ સાથે 1850-1900 પૂર્વ–ઔદ્યોગિક સ્તરની સરેરાશ કરતા 2023 લગભગ 1.48°C વધુ ગરમ હતું. લગભગ 50% દિવસો સમાન આધારરેખા કરતા 1.5°C કરતા વધુ ગરમ હતા. 2023માં રેકોર્ડ તાપમાન વ્યાપક હીટવેવ્સ, પૂર, દુષ્કાળ અને જંગલોની આગ તરફ દોરી જાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS







1. તાજેતરમાં ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય હેઠળની સંસ્થા 'બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ' (BIS)એ 6 જાન્યુઆરી, 2024ના રોજ તેનો ______ મો સ્થાપના દિવસ ઉજવયો હતો.
– 77મો

2. રાષ્ટ્રીય પક્ષી દિવસ, જે અમેરિકન મૂળનો છે, તે ઈકોસિસ્ટમમાં પક્ષીઓના મૂલ્ય વિશે જાગૃતિ લાવવા દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ? – 5 જાન્યુઆરી

3. 2024 માટે યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ મુજબ, 2024માં ભારત માટે અંદાજિત GDP વૃદ્ધિ દર શું છે ? – 6.2%

4. બંગાળની ખાડીમાં કૃષ્ણ ગોદાવરી બેસિન ડીપ સી પ્રોજેક્ટ્નું સંચાલન કઈ કંપની કરી રહી છે ?
– ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ (ONGC)

5. સંસદ રત્ન પુરસ્કાર મેળવનારાઓમાંના એક સુકાંત મજમુદાર કયા રાજકીય પક્ષના નેતા છે ?
– ભારતીય જનતા પાર્ટી

(તેમની સાથે અન્ય એવોર્ડ મેળવનારાઓમાં શિવસેનાના શ્રીકાંત એકનાથ શિંદે, ભાજપ તરફથી સુધીર ગુપ્તા, NCPમાંથી રામસિંગ કોલ્હે અને કોંગ્રેસના કુલદીપ રાય શર્માનો સમાવેશ થાય છે.)

6. ઉદંતી સીતાનદી ટાઈગર રિઝર્વ, જે તાજેતરમાં સમાચારમાં હતું, તે કયા રાજ્યમાં આવેલું છે ? – છત્તીસગઢ

7. ક્યાયુકફ્યુ સેઝ અને ડીપ સી પોર્ટ, જે તાજેતરમાં સમાચારમાં હતું, તે કયા દેશમાં આવેલું છે ? – મ્યાનમાર

8. ઓર્કા, જે તાજેતરમાં બોઈંગ દ્વારા યુએસ નેવીને આપવામાં આવ્યું હતું, તે કેવા પ્રકારનું વાહન છે ?
– અનક્રુડ અંડરસી વ્હીકલ

9. પ્રોફેસર બીઆર કંબોજ, જેમને તાજેતરમાં 14માં એમ.એસ.સ્વામીનાથન એવોર્ડના વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા, તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા છે ? – કૃષિ વિજ્ઞાન

10. Mappls એપ પર તમામ 784 અકસ્માતના બ્લેક સ્પોટ્સને મેપ કરવા માટે તાજેતરમાં કયું રાજ્ય પ્રથમ રાજ્ય બન્યું છે ? – પંજાબ

11. કયા દેશે તાજેતરમાં તેના જળસીમામાં પ્રવેશતા વિદેશી સંશોધન જહાજો પર એક વર્ષનો પ્રતિબંધ જાહેર કર્યો છે ?
– શ્રીલંકા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં ભારતના ચૂંટણી પંચે રજિસ્ટર્ડ અનરિકગ્નાઈઝ્ડ પોલિટિકલ પાર્ટીઝ (Rupps) માટે ચૂંટણી ચિહ્નો મેળવવા માટે કઈ નવી જરૂરિયાત રજૂ કરી છે ? – ઓડિટેડ એકાઉન્ટ્સ
13. એન્ટાર્કટિકાના 43માં વૈજ્ઞાનિક અભિયાન માટે કયા દેશે MV Vasiliy Golovninને ચાર્ટડ કર્યુ છે ? – ભારત
14. કયું ભારતીય રાજ્ય ઈન્ટરનેશનલ પર્પલ ફેસ્ટ 2024નું આયોજન કરી રહ્યું છે ? – ગોવા
15. અદાણી પોટર્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના CEO તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – અશ્વિની ગુપ્તા
16. 2023માં કયું શહેર મહિલાઓ માટે સર્વશ્રેષ્ઠ ભારતીય શહેર તરીકે ક્રમાંકિત થયું હતું અને કામ કરતી મહિલાઓને સમર્થન આપવામાં આવ્યું હતું ? – ચેન્નાઈ
17. વિયેતનામના ઈલેક્ટ્રિક વાહન જાયન્ટ વિનફાસ્ટ ઓટો ભારતના કયા રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહન સુવિધા સ્થાપવા માટે 2 બિલિયન ડોલરનું રોકાણ કરી રહી છે ? – તમિલનાડુ
18. પૃથ્વીનો પરિભ્રમણ દિવસ દર વર્ષે કઈ તારીખે ઉજવવામાં આવે છે ? – 8 જાન્યુઆરી
19. હાઈડ્રોકાર્બન ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટે ભારતના કેન્દ્રીય મંત્રીમંડળે કયા દેશ સાથેના MoUને મંજૂરી આપી છે ? – ગયાના
20. કોણ 'ધ્રુવીય પ્રીત' તરીકે ઓળખાય છે, જેણે સમગ્ર એન્ટાર્કટિકામાં સૌથી ઝડપી સોલો સ્કીનો દાવો કર્યો છે ? – હરપ્રીત ચાંડી
21. સૂચેતા સતીષે આબોહવા પરિવર્તન અંગે જાગૃતિ લાવવા માટે 'કોન્સર્ટ ફોર ક્લાઈમેટ'ના ભાગરૂપે UAE, દુબઈમાં ભારતીય કોન્સ્યુલેટ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા એક જ કોન્સર્ટ દરમિયાન અભૂતપૂર્વ _____ ભાષાઓમાં ગાયન કરીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો. – 140 ભાષાઓ
22. 'સંસ્કૃતિ કે આયમ' પુસ્તક _____ દ્વારા લખવામાં આવ્યું હતું અને જનરલ વી.કે.સિંહ દ્વારા તેનું વિમોચન કરવામાં આવ્યું હતું. – મનોરમા મિશ્રા
23. હિટ–એન્ડ–રન કેસ માટે નવા ટ્રાફિક કાયદા હેઠળ, જે ડ્રાઈવરો ભાગી જાય છે અને જીવલેણ અકસ્માતની જાણ કરવામાં નિષ્ફળ જાય છે. તેમના માટે મહત્તમ જેલની સજા કેટલી છે ? – 10 વર્ષ
24. 'રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહક પુરસ્કાર'માં કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી દ્વારા રમત–ગમતને પ્રોત્સાહન આપવા માટે કઈ સંસ્થાનું સન્માન કરવામાં આવ્યું હતું ? – ઓડિશા માઈનિંગ કોર્પોરેટ લિમિટેડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

25. છત્તીસગઢના કયા શહેરમાં અંગ પ્રત્યારોપણ માટે ગ્રીન કોરિડોર પ્રણાલીનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જે ભારત સરકાર અને બેંગ્લોર સાથે મળીને કાર્યક્ષમ અને સમયસર પરિવહન સુનિશ્ચિત કરે છે ? – રાયપુર

26. કઈ સંસ્થાએ ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ 100 W પોલિમર ઈલેક્ટ્રોલાઈટ મેમ્બ્રેન ફ્યુઅલ સેલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે ? – ISRO

27. 4 જાન્યુઆરીથી શરૂ થતા 20 ભારતીય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 1200 ખેલાડીઓને દર્શાવતી ઉદ્‌ઘાટન મલ્ટી–સ્પોર્ટ્સ બીચ ગેમ્સ કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં થઈ હતી ? – દીવ

28. કયો કેન્દ્રશાસિત પ્રદેશ PM વિશ્વકર્મા યોજના લાગુ કરનાર પ્રથમ બન્યું છે ? – જમ્મુ–કાશ્મીર

29. તાજેતરમાં કોણે સત્તાવાર રીતે વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફની ભૂમિકા સંભાળી છે ? – દિનેશ કે ત્રિપાઠી

30. કયો દેશ આગામી 10 વર્ષમાં ભારતમાં 10,000 મેગાવોટ પાવરની નિકાસ કરવા માટે તૈયાર છે, જે લાંબા ગાળાની ઊર્જા ભાગીદારીને મજબૂત બનાવે છે ? – નેપાળ

31. ઓલ ઈન્ડિયા રબર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (AIRIA)ના નવા પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શશિ સિંહ

32. કન્નડ અને સંસ્કૃત બંને ભાષામાં લખાયેલ 10મી સદીનો શિલાલેખ ભારતના કયા રાજ્યમાં મળ્યો હતો ? – ગોવા

33. અદાણી જૂથે કયા રાજ્યમાં ડેટા સેન્ટર અને એરોસ્પેસ પાર્ક રોકાણ માટે સહયોગ કર્યો હતો ? – તેલંગાણા

34. નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (NARCL)ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – પી.સંતોષ

35. તાજેતરમાં ભારતના કયા રાજ્યએ રાષ્ટ્રનું પ્રથમ રિપોર્ટ અને મીટિંગ મેનેજમેન્ટ પોર્ટલ શરૂ કર્યુ છે ? – હિમાચલ પ્રદેશ

36. એડિડાસ ચીનની બહાર એશિયામાં તેનું પ્રથમ અને એકમાત્ર વૈશ્વિક ક્ષમતા કેન્દ્ર (GCC) કયા ભારતીય રાજ્યમાં સ્થાપિત કરી રહ્યું છે ? – તમિલનાડુ

37. કઈ ટેક્નોલોજી કંપનીએ ભારતમાં 100,000 ડેવલપર્સને નવીનતમ AI તકનીકોમાં તાલીમ આપવા માટે 'AI Odyssey' પ્રોગ્રામ શરૂ કર્યો છે ? – માઈક્રોસોફ્ટ

38. PhonePeના આંતરરાષ્ટ્રીય ચૂકવણી વ્યવસાયના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – રિતેશ પાઈ

39. ઈનલેન્ડ વોટરવેઝ ડેવલપમેન્ટ કાઉન્સિલની ઉદ્‌ઘાટન બેઠક કયાં યોજાઈ હતી ? – કોલકાત્તા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

40. ONGCએ કયા બેસિનમાં ઊંડા પાણીના KG-DWN 98/2 બ્લોકમાંથી પ્રથમ તેલ ઉત્પાદન શરૂ કર્યું છે ?
– કૃષ્ણા ગોદાવરી બેસિન

41. કયા દેશે GIM 2024માં ભારત સાથે ટકાઉ ઊર્જા ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપવા માટે ગ્રીન ફ્યુઅલ એલાયન્સ ઈન્ડિયા (GFAI)ની શરૂઆત કરી છે ? – ડેનમાર્ક

42. પેરેગ્રીન ચંદ્ર લેન્ડર મિશન કઈ સંસ્થાની પહેલ હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું ? – NASA

43. કઈ સંસ્થાના વૈજ્ઞાનિકોએ 2023ને અત્યાર સુધીના સૌથી ગરમ વર્ષ તરીકે પૃષ્ટિ આપી છે ?
– યુરોપિયન યુનિયન

44. તાજેતરમાં કયા દેશે કૂતરાના માંસના વપરાશ અને વેચાણ પર પ્રતિબંધ મૂકતો ખરડો પસાર કર્યો હતો, જેણે સદીઓ જૂની પ્રથાને સમાપ્ત કરી હતી ? – દક્ષિણ કોરિયા

45. કઈ બેંકે તાજેતરમાં 'UPI-સક્ષમ રૂપે ક્રેડિટ કાર્ડ' ફક્ત સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે રજૂ કર્યું છે ?
– ઈન્ડસઈન્ડ બેંક

46. ભારત હવે MSCI EM ઈન્ડેક્સમાં ______ ને પાછળ છોડી બીજા ક્રમે છે. – તાઈવાન

47. તાજેતરમાં કઈ IITએ તેના વૈશ્વિક વિસ્તરણના ભાગરૂપે શ્રીલંકામાં નવા કેમ્પસની જાહેરાત કરી છે ?
– IIT મદ્રાસ

48. 2024માં કયો દેશ UNESCO વર્લ્ડ હેરિટેજ સમિતિની અધ્યક્ષતા કરશે અને 46માં સત્રનું આયોજન કરશે ?
– ભારત

49. તાજેતરમાં કયા દેશમાં ચક્રવાત 'અલ્વારો' લેન્ડફોલ થયું હતું ? – મેડાગાસ્કર

50. તાજેતરમાં કયા રાજ્યમાં મલકાનગીરી એરપોર્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? – ઓડિશા

51. તાજેતરમાં ______ના વૈજ્ઞાનિકોએ અત્યંત શોષક સામગ્રી બનાવવા માટે સિઝલના પાંદડાઓનો ઉપયોગ કરીને એક નવીન પદ્ધતિ વિકસાવી છે, જે સંભવિતપણે સેનેટરી નેપકિન્સમાં કપાસ, લાકડાના પલ્પ અને રાસાયણિક શોષકને બદલી શકે છે. – સ્ટેનફોર્ડ યુનિવર્સિટી

52. રાષ્ટ્રીય યુવા દિવસ ઉત્સવ 2024ની થીમ શું હતી ?
– વિકસિત ભારત @ 2047 : યુવાનો માટે, યુવાનોના દ્વાર પર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

GPSC Class 1/2, S.T.I., PI, Dy.S.O., નાયબ મામલતદાર, ચીફ ઓફિસર, PSI-ASI-કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, વનરક્ષક, FHW-MPHW, તલાટી, જુ.ક્લાર્ક, TET-TAT તથા ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓની સર્વશ્રેષ્ઠ તૈયારી કરવા તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓના અનુભવી વિષય નિષ્ણાત ફેકલ્ટીની ટીમ પાસે સર્વશ્રેષ્ઠ અભ્યાસ કરવા માટે...

# સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે અત્યારે જ

Google Play પરથી iceonline DOWNLOAD કરો

OR

QR કોડ સ્કેન કરો

**FREE**

- E-Books
- Daily Weekly & Final Mock Test
- LECTURE PDF
- READING SCHEDULE

**HIGH SCORING STRATEGY**




**LIVE + RECORDED BATCH**

- સ્પર્ધાત્મક પરીક્ષામાં આપની સફળતા સુનિશ્ચિત કરવા માટે તમામ વિષયોનો 360° અભ્યાસ
- સ્પર્ધાત્મક પરીક્ષાનો વિશેષ અનુભવ ધરાવતી વિષય નિષ્ણાત ફેકલ્ટીઓની ટીમ દ્વારા દરેક વિષયોનો ટુ ધી પોઈન્ટ અભ્યાસ
- નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લેતા અદ્યતન માહિતી સાથેના લેટેસ્ટ વીડિયો લેક્ચર
- સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ
- તમામ વિષયોનો ટોપિક વાઈઝ ઊંડાણપૂર્વક અભ્યાસ કરાવતા વીડિયો લેક્ચર

| રાજકોટ 93757 01110 | ગાંધીનગર 81406 01110 | જૂનાગઢ 76985 01110 |
|---|---|---|
| Head Office : ICE, બીજો માળ, સદગુરુ કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ | 218, B-Block, અટારીયા સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર. | પેરી પ્લાઝા કોમ્પ્લેક્સ, અલકાપુરી સોસાયટી પાસે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ. |

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT